RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 217* Date: 04.06.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કોરોનાના એક્ટિવ કેસ ઘટીને ૧૭ લાખ પર પહોંચ્યા

# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧.૩૪ લાખ નવા પોઝિટિવ કેસ



ન્યુ દિલ્હી,તા.૩

ભારતમાં કોરોનાના નવા કેસનો આંકડો સતત ઘટવાના કારણે એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૭ લાખ પર પહોંચી ગઈ છે. પાછલા ૨૪ કલાકમાં પણ ૧.૩૫ લાખ કરતા ઓછા કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૩૦૦૦ કરતા નીચો રહ્યો છે. ભારતમાં કોરોનાના કેસની સાથે હવે મૃત્યુઆંકમાં પણ મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧,૩૪,૧૫૪ કેસ નોંધાયા છે, જ્યારે ગઈકાલે આ આંકડો ૧,૩૨,૭૮૮ હતો એટલે કે સામાન્ય વધારો નોંધાયો છે. જ્યારે મૃત્યુઆંક ગઈકાલે૩,૨૦૭ નોંધાયા હતા જેની સામે આજે જાહેર થયેલા આંકડામાં ૨૪ કલાકમાં ૨,૮૮૭ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે.

દેશમાં જાહેર કરાયેલા આજના સવારના આંકડામાં ૨૪ કલાકમાં વધુ ૨,૧૧,૪૯૯ દર્દીઓ સાજા થયા છે, જેની સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૨,૬૩,૯૦,૫૮૪ થઈ ગઈ છે. નવા કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા વધવાના કારણે એક્ટિવ કેસમાં મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે. હાલ દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૭,૧૩,૪૧૩ પર પહોંચી ગઈ છે.

ભારતમાં વધુ ૧.૩૪ લાખ કેસ સાથે કુલ કેસની સંખ્યા વધીને ૨,૮૪,૪૧,૯૮૬ થઈ ગઈ છે. કુલ મૃત્યુઆંક ૩,૩૭,૯૮૯ થઈ ગયા છે. ભારતમાં કોરોનાના મૃત્યુઆંકમાં ધીમો ઘટાડો નોંધાઈ રહ્યો છે પરંતુ હવે બીજી લહેરના પીક દરમિયાન જે પ્રમાણે આંકડો ૪૦૦૦ની નજીક/પાર પહોંચી જતો હતો તેમાં ઘટાડો નોંધાયો છે.

દેશમાં ૧૬ જાન્યુઆરીએ રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં ૧ મેથી ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને રસી આપવાની મંજૂરી અપાઈ છે. આજ સવારના આંકડા પ્રમાણે મંગળવાર સુધીમાં દેશમાં કોરોનાની રસીના કુલ ૨૨,૧૦,૪૩,૬૯૩ ડોઝ આપવામાં આવ્યા છે.

આઈસીએમઆર મુજબ દેશમાં કોરોના ટેસ્ટ માટે કુલ ૩૫,૩૭,૮૨,૬૪૮ સેમ્પલ લેવામાં આવ્યા છે, જેમાં બુધવારે વધુ ૨૧,૫૯,૮૭૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા. ટેસ્ટિંગની સંખ્યામાં વધારો થતા કોરોનાના ફેલાવા પર અંકુશ મેળવી શકાયો હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો.

### ભારે પવન સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી

# આનંદો: આતુરતાનો અંત, કેરળમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી

કોચ્ચિ,તા.૩

દેશમાં ચોમાસાનું આગમન થયું છે. ચોમાસું કેરળ પહોંચ્યું હોવાની જાહેરાત હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર, ૩ જૂનને કેરળના દક્ષિણ કિનારે વરસાદ પડી રહ્યો છે. કેરળ પહોંચ્યા બાદ હવે મોનસુન ધીમે-ધીમે પશ્ચિમ, મધ્ય અને ઉત્તર ભારત તરફ આગળ વધશે અને જૂનના અંત સુધી દિલ્હી પહોંચવાની સંભાવના છે.

હવામાન વિભાગે અગાઉ ૩૧ મેના રોજ મોનસુન કેરળ પહોંચવાની આગાહી કરી હતી, પરંતુ કહ્યું હતું કે ૪ દિવસ આગળ પાછળ થઈ શકે છે. ચોમાસાને લઈને હવામાન વિભાગની આગાહી સાચી પડી છે. ગયા વર્ષની વાત કરીએ તો, ૧ જૂને મોનસુન કેરળ પહોંચ્યું હતું. જ્યારે વર્ષ ૨૦૧૯માં ૮ જૂને ચોમાસાનું આગમન થયું હતું. હવામાન વિભાગ અનુસાર, આ વર્ષે ૯૬-૧૦૪ ટકા વરસાદ પડવાની સંભાવના છે. આ વર્ષે ૪૦ ટકા સંભાવના ૯૬-૧૦૪ ટકા વરસાદની છે. આ સ્થિતિને સામાન્ય વરસાદ કહેવાય છે. ૧૬ સંભાવના ૧૦૪-૧૧૦ ટકા વરસાદની છે, જે સામાન્યથી વધુ વરસાદ મનાય છે. ઉપરાંત ૫ ટકા સંભાવના ૧૧૦ ટકાથી વધુ વરસાદની છે, જે સામાન્યથી વધુ વધારે વરસાદ મનાય છે. એટલે કે કુલ મળીને આ ચોમાસાની સિઝન દરમિયાન ૬૧ ટકા સંભાવના સામાન્ય અથવા સામાન્યથી વધુ વરસાદની છે.

આ પહેલાં ચોમાસાએ આંદામાનમાં ૨૧ મેના રોજ એન્ટ્રી લીધી હતી. ૨૭ મેના રોજ અડધા શ્રીલંકા અને માલદિવ્સને પાર કર્યા પછી મજબૂત હવાની અછતને કારણે ૭ દિવસ સુધી ચોમસાની ઉત્તરી સીમા કોમોરિન સમુદ્રમાં જ રોકાઈ ગઈ હતી, જોકે હવે પરિસ્થિતિ અનુકૂળ છે.



જોકે આ વખતે ચોમાસું ૨ દિવસ મોડું છે. બીજી તરફ, કેરળમાં છેલ્લા ૪ દિવસથી પ્રી-મોન્સૂન વરસાદ ચાલુ છે. એમપીમાં દર વર્ષે ૧૭ જૂન તો ભોપાલમાં ૨૦ જૂનની આસપાસ વરસાદ પહોંચે છે. આ વખતે પણ એ સમયે પહોંચે એવી શકયતા છે. મોસમ વિશેષજ્ઞ એ. કે. શુકલા કહે છે કે જો ચોમાસાનો પ્રોગ્રેસ યથાવત્ રહ્યો તો એ નક્કી સમયે પહોંચી જશે.

હિમાચલના શિમલામાં બુધવાર બપોર પછી આંધી અને ઝડપી પવનની સાથે વરસાદ થયો હતો. મોસમ વિભાગના યલો અલર્ટની વચ્ચે શિમલાની નજીકના ઉપરના વિસ્તારમાં વરસાદની સાથે બરફના કરા પડવાથી સફરજન સહિતનાં ફળોને નુકસાન પહોંચ્યું છે.

મોસમ વિભાગના જણાવ્યા મુજબ, શિમલા સહિત રાજયના મધ્યમ ઊંચાઈવાળા પર્વતીય વિસ્તારમાં પાંચ જૂન અને ઉચ્ચ પર્વતીય વિસ્તારોમાં ચાર જૂન સુધી હવામાન ખરાબ રહેશે. જ્યારે મેદાની વિસ્તારોમાં આઠ જૂન સુધી હવામાન સાફ રહેવાનું અનુમાન છે.

# પટણા એમ્સમાં ત્રણ બાળકોને કોવેક્સિનની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો

પટણા,તા.૩

કોરોનાની ત્રીજી લહેર પહેલા બાળકોના વેક્સીન પર કામ શરૂ થઇ ગયુ છે. ભારત બાયોટેકની કો-વેક્સીનની બાળકો પર ટ્રાયલ પટણા એમ્સમાં શરૂ થઇ છે. જાણકારી અનુસાર, ૨ જૂને પટણા એમ્સમાં બાળકો ઉપર કો-વૈક્સીનની ટ્રાયલ શરૂ કરવામાં આવી છે, જેની અંતર્ગત ત્રણ બાળકોને પ્રથમ દિવસે આ વૈક્સીનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો.

બાળકો પર કો-વૈક્સીનની ટ્રાયલ માટે પ્રથમ દિવસે ૧૫ બાળક પહોચ્યા હતા, જેમાંથી ૩ બાળકોને પ્રથમ ડોઝ લેવા માટે પુરી રીતે ફિટ હતા. ટ્રાયલ માટે જેટલા બાળક પહોચ્યા હતા, તેમના સૌથી પહેલા આરટી પીસીઆર અને એન્ટીબોડીની તપાસ કરવામાં આવી અને ૩ બાળકોને પુરી રીતે સામાન્ય મળ્યા બાદ તેમણે વૈક્સીનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. આ ત્રણ બાળકોને પ્રથમ ડોઝ આપ્યા બાદ તેમનુ ૨ કલાક સુધી સ્વાસ્થ્યનું અવલોકન કરવામાં આવ્યુ હતું, જેમા કોઇ બાળક પર પણ વૈક્સીનનો દુષ્પ્રભાવ જોવા નથી મળ્યો. નિયમ અનુસાર આ ત્રણ બાળકોને વૈક્સીનનો બીજો ડોઝ ૨૮ દિવસ પછી આપવામાં આવશે.


પટણા એમ્સમાં બાળકો ઉપર કો-વૈક્સીનની ટ્રાયલ જે શરૂ થઇ છે, તેની પર નજર પટણા એમ્સના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. ચંદ્રમણી સિંહ કરી રહ્યા છે. જાણકારી અનુસાર, પટણા એમ્સમાં આગામી કેટલાક દિવસમાં ૨થી ૧૮ વર્ષની વયના ૧૦૦ બાળકોને વૈક્સીનની ટ્રાયલમાં સામેલ કરવાનો ટાર્ગેટ નક્કી કર્યો છે.

તમને જણાવી દઇએ કે દેશના અલગ અલગ સેન્ટર્સ પર ૨થી ૧૮ વર્ષના બાળકો પર વૈક્સીનની ટ્રાયલ શરૂ થઇ ગઇ છે. ભારત બાયોટેકની કોવૈક્સીનની બાળકો પર બીજા અને ત્રીજા ફેઝની ટ્રાયલ જૂનમાં શરૂ થશે. આ જુલાઇના મધ્યમાં આવીને પૂર્ણ થશે. ભારત બાયોટેકના સુત્રો અનુસાર, ટ્રાયલમાં સૌથી નાની ઉંમરના બાળક ૨ વર્ષીય હશે.

ત્રીજી લહેરની ચેતવણી વચ્ચે ભારત સરકારે કોવૈક્સીનની ટ્રાયલને મંજૂરી આપી હતી. આ દેશ કુલ ૫૨૫ બાળકો પર કરવામાં આવશે, જેમાં દિલ્હી, પટણાની એમ્સ સહિત કેટલીક મોટી હોસ્પિટલ સામેલ થશે. ટ્રાયલ દરમિયાન વૈક્સીનની બે ડોઝ આપવામાં આવશે જેમાં ૨૮ દિવસનું અંતર હશે.

### શિક્ષણ મંત્રાલયની જાહેરાત

# TET સર્ટિફિકેટની માન્યતા ૭ વર્ષની જગ્યાએ આજીવન કરાઈ



ન્યુ દિલ્હી,તા.૩

શિક્ષક બનવા માંગતા યુવાનો માટે એક મોટો સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકારે TET માટેની માન્યતાની ઉંમર સાત વર્ષને બદલે આજીવન કરી દીધી છે. શિક્ષણ મંત્રાલયે આજે આ આદેશ જારી કર્યો છે. આ ઓર્ડર ૨૦૧૧ થી આ પરીક્ષામાં પાસ થયેલા તમામ ઉમેદવારોને લાગુ પડશે.

આપને જણાવી દઈએ કે, TET એ વ્યક્તિ માટે શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂક માટે પાત્ર બનવા માટેની આવશ્યક લાયકાતોમાં એક ગણાય છે. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન શ્રી રમેશ પોખરીયાલ 'નિશંક' એ જાહેરાત કરી છે કે, વર્ષ ૨૦૧૧ થી TET ની આજીવન માન્યતા લાગુ થશે. એટલે કે, જે ઉમેદવારોએ ૨૦૧૧ માં્ઈ્ પાસ કર્યું છે, તેમના TET પ્રમાણપત્રો પણ આજીવન માન્ય રહેશે. પોખરીયાલે કહ્યું કે, શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા ઉમેદવારોને રોજગારની તકો વધારવાની દિશામાં આ એક સકારાત્મક પગલું હશે. શિક્ષણમંત્રીએ કહ્યું કે, ઉમેદવારો અથવા વિદ્યાર્થીઓ કે જેના પ્રમાણપત્રને સાત વર્ષ પૂર્ણ થયા છે, આ સંદર્ભે સંબંધિત રાજ્ય સરકાર અથવા કેન્દ્ર શાસિત પ્રશાસન,્ઈ્ ની માન્યતા અવધિમાં ફેરફાર કરવા અથવા નવું ્ઈ્ પ્રમાણપત્ર જારી કરવા જરૂરી પગલાં લેશે. તેમણે કહ્યું હતું કે આ પગલાથી ઉમેદવાર જેઓ શિક્ષણ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવા ઈચ્છે છે તેમને રોજગારની તકોમાં વધારો થશે. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ નાં રાષ્ટ્રીય શિક્ષક પરિષદ (એનસીટીઇ) ની માર્ગદર્શિકામાં જણાવાયું છે કે રાજ્ય સરકાર TET નું સંચાલન કરશે અને TET લાયકાત પ્રમાણપત્રની માન્યતાનો સમયગાળો પરીક્ષા પાસ થવાની તારીખથી સાત વર્ષનો રહેશે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૨૦૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૮૧૩૨૭૦**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૧૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૩૦૧૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૭૭૮૯૭૬**

# જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ભાજપ નેતા રાકેશ પંડિતની આતંકીઓએ ગોળી મારી હત્યા કરી

પુલવામા

જમ્મુ કાશ્મીરના પુલવામામાં ભાજપના નેતા રાકેશ પંડિતાની આતંકીઓએ ગોળી મારીને હત્યા કરી દીધી છે. પંડિતાને તેમના ઘર પાસે જ ગોળી મારવામાં આવી છે. ગંભીર સ્થિતિમાં પંડિતાને હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયુ હતું. રાકેશ પંડિતા પુલવામા જિલ્લામાં ત્રાલ શહેરના નગર અધ્યક્ષ હતા.

જમ્મુ કાશ્મીર પોલીસે ટ્વીટ કરી ઘટનાની પૃષ્ટી કરી છે. પોલીસે ટ્વીટ કર્યુ, ત્રાલમાં આતંકવાદીઓએ એક કાઉન્સિલર રાકેશ પંડિતાની ગોળી મારીને હત્યા કરી છે. શ્રીનગરમાં ૨ પીએસઓ અને સુરક્ષિત હોટલ ઘર આપવા છતા રાકેશ પીએસઓ વગર ત્રાલ જતા રહ્યા હતા. વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે અને તપાસ ચાલુ છે.

કાશ્મીરના આઇજી વિજય કુમારે કહ્યુ કે ત્રાલમાં નગરકાઉન્સિલર રાકેશ પંડિતા સોમનાથની આજે સાંજે ત્રણ અજાણ્યા આતંકવાદીઓએ ગોળી મારીને હત્યા કરી દીધી છે, તેમણે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા જ્યા તેમનું મોત થયુ હતું.

આ નાપાક ઘટનાને અંજામ આપીને આતંકી ત્યાથી ફરાર થઇ ગયા હતા. ફાયરિંગનો અવાજ સાંભળતા જ લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઘાયલ અવસ્થામાં જમીન પર પડેલા રાકેશ પંડિતાને ઉઠાવીને હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા જ્યા ડૉક્ટરે તેમણે મૃત જાહેર કર્યા હતા. અધિકારીઓએ જણાવ્યુ કે આતંકીઓના ગોળીબારામાં એક મહિલા ઘાયલ થઇ હતી. ઘાયલ મહિલાની ઓળખ આસિફા મુશ્તાક તરીકે થઇ છે અને તે પંડિતાની મિત્રની દીકરી હતી.

જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ હુમલાની ટિકા કરી છે, તેમણે લખ્યુ કે રાકેશ પંડિતા પર થયેલો હુમલો સાંભળીને દુખ થયુ. તે આ હુમલાની નિંદા કરે છે અને પંડિતાના પરિવાર સાથે તેમની સંવેદનાઓ છે, તેમણે આગળ લખ્યુ કે આતંકી ક્યારેય પણ પોતાના નાપાક ઈરાદામાં સફળ નહી થાય અને તેમાં સામેલ લોકોને સજા જરૂર મળવી જોઈએ.

## તંત્રી સ્થાનેથી...

# કેન્દ્ર સરકારના SDG રિપોર્ટમાં કેરળ નંબર-૧: ગુજરાત ટોપ-૫માંથી બહાર

ભારત સરકારની થિંક ટૈંક નીતિ આયોગે સતત વિકાસના લક્ષ્યો પર પોતાની ત્રીજી રિપોર્ટ ૨૦૨૦-૨૧ જાહેર કરી છે. **Sustainable Development Goals** નામની આ રિપોર્ટમાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશની સામાજિક, આર્થિક અને પર્યાવરણીય સ્થિતિ પર પ્રદર્શનનું આકલન કરવામાં આવે છે.

આ વખતના રિપોર્ટમાં કેરળ ટોપ પર રહ્યુ છે, જ્યારે બિહારનું પ્રદર્શન સૌથી ખરાબ રહ્યુ છે. ઝારખંડની સ્થિતિ પણ સારી નથી અને તે બિહારથી ઉપર છે.

નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે દિલ્હીમાં ગુરૂવારે આ રિપોર્ટ લોન્ચ કરી હતી, તેમણે કહ્યુ કે એસડીજી ઈન્ડિયા ઈન્ડેક્સ અને ડેશબોર્ડના માધ્યમથી એસડીજીની નજર અમારા પ્રયાસને વિશ્વમાં ઓળખ મળી રહી છે અને આ ડેટાનો ઉપયોગ વિકાસના પ્રોજેક્ટ પર કરવામાં આવી રહ્યો છે.

મહત્વપૂર્ણ છે કે નીતિ આયોગની એસડીજી ઈન્ડિયા ઈન્ડેક્સમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ વિસ્તારના સામાજિક, આર્થિક અને પર્યાવરણના ક્ષેત્રમાં તેમની પ્રગતિને માપતા અને આ આધાર પર તેમની રેક્િંગ કરે છે.

આ વખતે આ રિપોર્ટમાં ૧૭ લક્ષ્યો પર ૩૬ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પ્રદર્શનનું આકલન કરવામાં આવ્યુ છે. આ રિપોર્ટમાં જો પાંચ ટોપ પરફોર્મર રાજ્યોની વાત કરીએ તો ટોપ ફાઈવની યાદીમાં કેરળ પ્રથમ, બીજા નંબર પર હિમાચલ પ્રદેશ અને તમિલનાડુ, ત્રીજા નંબર પર આંધ્ર પ્રદેશ, ગોવા, કર્ણાટક, ઉત્તરાખંડ, ચોથા નંબર પર સિક્કિમ અને પાંચમા નંબર પર મહારાષ્ટ્ર છે. કેરળ ૨૦૧૯ની રેક્િંગમાં પણ પ્રથમ નંબર પર હતું.

પાંચ પછાત રાજ્યોની વાત કરીએ તો બિહાર સૌથી નીચે છે, તેની ઉપર ઝારખંડ છે અને પછી આસામનો નંબર આવે છે. અરૂણાચલ પ્રદેશ, મેઘાલય, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ પણ પછાત છે. તે બાદ છત્તીસગઢ, નાગાલેન્ડ અને ઓરિસ્સા છે.

ગરીબી ઉન્મૂલન કેસમાં તમિલનાડુ અને દિલ્હીનું પ્રદર્શન સર્વશ્રેષ્ઠ રહ્યુ છે. બીજી તરફ પોતાની જનતાની ભૂખ મિટાવવા મામલે શાનદાર કામ કરતા કેરળ અને ચંદીગઢ ટોપ સ્થાન પર છે. સારા સ્વાસ્થ્ય મામલે ગુજરાત અને દિલ્હીએ સારૂ કામ કર્યુ છે અને ટોપ રહ્યા છે. ગુણવત્તા પૂર્ણ શિક્ષણ આપવામાં કેરળ અને ચંદીગઢનું કામ સર્વોત્તમ રહ્યુ છે. ઉદ્યોગ, આવિષ્કાર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુજરાત અને દિલ્હી ટોપ પર રહ્યા છે.

જો ૨૦૧૯ના આંકડાની તુલના કરીએ તો મિઝોરમ, હરિયાણા અને ઉત્તરાખંડે આ ઈન્ડેક્સ પર સૌથી સારૂ પ્રદર્શન કર્યુ છે. મહત્વપૂર્ણ છે કે આ રિપોર્ટને માર્ચમાં પ્રદર્શિત કરવામાં આવવાનુ હતુ પરંતુ પાંચ રાજ્યમાં ચૂંટણીની જાહેરાત સાથે ત્યા આદર્શ આચાર સંહિતા લાગુ થઈ ગઈ હતી, માટે આ રિપોર્ટના પ્રકાશનને રોકી દેવામાં આવ્યુ હતું.

એસડીજી ઈન્ડિયા ઈન્ડેક્સ રિપોર્ટનો એક ભાગ દેશના તમામ ૩૬ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને સમર્પિત છે. આ રિપોર્ટનું વિસ્તૃત વિશ્લેષણ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે નીતિઓ બનાવી રહેલી સંસ્થાઓ માટે ઘણો ઉપયોગી સાબિત થશે.

# કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં ૯ ઓક્સિજન PSA પ્લાન્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ

## ભારતના ૪૬ શહેરો અને વિશ્વના ૧૫ દેશમાં ૫ કરોડથી વધુ સ્વયંસેવકોની સંગઠિત શક્તિથી વિશ્વભરમાં સમાજસેવા સાથે સાથે ધર્મ, સંસ્કૃતિ, સંસ્કારના પ્રચાર પ્રસારનું ઉત્તમ કાર્ય કરવા બદલ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનને અભિનંદન પાઠવતા શ્રી અમિતભાઈ શાહ



ગાંધીનગર લોક્સભા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર લોકસભા મતવિસ્તારના લોકલાડીલા સાંસદ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે આજરોજ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) દ્વારા કોરોના મહામારીના સમયમાં ગુજરાતમાં દર્દીઓની સારવારમાં મદદરૂપ થવાના આશય સાથે સોલા સિવિલ હોસ્પિટલ(અમદાવાદ) , સિંગારવા હોસ્પિટલ (કઠવાડા-દસક્રોઈ), CHC તિલકવાડા, CHC સાગબરા, CHC ભાનવાડ (દ્વારકા), લાયન્સ જનરલ હોસ્પિટલ (મેહસાણા) , સામુહિક આરોગ્ય કેન્દ્ર (કાલાવાડ-જામનગર), એમ.આર.હોસ્પિટલ (લેડીઝ હોસ્પિટલ) (પોરબંદર), સામુહિક આરોગ્ય કેન્દ્ર (કપડવંજ)ખાતે પ્રદાન કરાયેલા ૯ ઓક્સિજન જીછ પ્લાન્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યુ હતું.

આ પ્રસંગે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (વીવાયઓ)ના વૈશ્વચાર્ય, શ્રી વ્રજરાજકુમારજી મહારાજ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, વ્રજધામ સંકુલના ગાદીપતિ વૈષ્ણવાચાર્ય પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીની પ્રેરણાથ કરોડના ખર્ચે ગુજરાતમાં ૨૯ ઓક્સિજન પ્લાન્ટના નિર્માણનો ભગીરથ સંકલ્પ લેવામાં આવ્યો હતો જે અંતર્ગત ૧૯ પ્લાન્ટ લોકાર્પિત થઈ ગયા છે અને બીજા ૯ પ્લાન્ટનું લોકાર્પણ કેન્દ્રિય ગૃહપ્રધાન અમિતભાઈ શાહ દ્વારા આજરોજ કરવામાં આવ્યું હતું. આ ઓક્સિજન પ્લાન્ટમાંથી ૧૦,૦૦૦ લિટર ઓક્સિજન પ્રતિ કલાકે ઉત્પાદિત થશે.

કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે કોરોનાની બીજી લહેરમાં, વાયરસે ખૂબ જ ઝડપથી તેના સ્વરૂપમાં ફેરફાર કરવાનું શરૂ કર્યું અને તેનાથી માનવ સ્વાસ્થ્યને ખરાબ અસર થઈ. તેમણે કહ્યું કે, આપણને બધાને ખૂબ જ ઓછા સમયમાં તેને નિયંત્રિત કરવામાં અને તેને ઘટાડવા માટે સામૂહિક સફળતા મળી છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે જો આપણે તેનું વૈશ્વિક વિશ્લેષણ કરીએ તો દુનિયાના વિકસિત દેશોમાં પણ સિસ્ટમ ક્ષીણ થઈ રહી હોય તેવું લાગે છે, પરંતુ ભારતમાં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ, કોરોના સામે મજબૂત અને મક્કમ લડત લડવામાં આવી.

શ્રી શાહે વૈશ્વિક મહામારી કોરોનાને કારણે જે પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેમજ જે દર્દીઓ હાલ સારવાર હેઠળ છે તેમનું સ્વાસ્થ્ય ઝડપી સારું બને તેવી મનોકામના સાથે તેમના પ્રતિ સંવેદના વ્યક્ત કરી હતી તેમજ દુ:ખની આ ઘડીમાં ઈશ્વર આવી પડેલી વિપત્તિને સહન કરવાની શક્તિ અર્પણ કરે તેવી પ્રાર્થના કરી હતી. શ્રી શાહે જણાવ્યું હતું કે, આપણો દેશ કોરોના સામેની લડાઈ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૩૫ કરોડ દેશવાસીઓના સહકારથી મક્કમતાપૂર્વક લડી રહ્યો છે. પોતાના જીવનની ચિંતા કર્યા વગર કોરોના દર્દીઓની સારવારમાં અવિરતપણે જોતરાયેલા ડોકટર્સ, નર્સ, પેરામેડીકલ સ્ટાફ, સ્વયંસેવી સંસ્થાઓનો હું નતમસ્તક થઈને આભાર માની મહામારીની આ પરિસ્થિમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ અભિનંદન પાઠવું છું. ફ્રન્ટલાઈન વર્કર્સે કરેલી કામગીરીને જેટલી બિરદાવીએ તેટલી ઓછી છે.

શ્રી શાહે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, મહામારીના આ સમયમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા ગુજરાતમાં ૨૯ ઓક્સિજન પ્લાન્ટ નિર્માણનું બીડું ઝડપી માનવસેવાનું પ્રશંસનીય કાર્ય કરવામાં આવ્યું છે તે બદલ હું ફરીને અભિનંદન પાઠવું છું. તેમણે કહ્યું કે કદાચ ફરી એ પહેલી સ્વૈચ્છિક સંસ્થા છે જેણે ૨૯ ઓક્સિજન પ્લાન્ટ સ્થાપિત કર્યા છે.ભારતની વિશિષ્ટતા છે કે, આપત્તિના સમયમાં ફક્ત સરકાર જ નહીં, કરોડો દેશવાસીઓ અને સ્વયંસેવી સંસ્થાઓ પણ જનસેવામાં કાર્યમાં સાથે જોડાઈને પોતાની સામાજિક જવાબદારી નિભાવી માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. દેશભરની ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓએ જે કંઇ કરી શકે તે ફાળો આપ્યો છે. જ્યારે કામદારો તેમના ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે હજારો સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમના સ્થાનો પર તેમના ખોરાક, પાણી, રહેવાની વ્યવસ્થા અને પરિવહન માટેની વિસ્તૃત વ્યવસ્થા કરી હતી. આજના આ ઓક્સિજન પ્લાન્ટના લોકાર્પણ કાર્યક્રમમાં આમંત્રિત કરવા બદલ શ્રી શાહે પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીનો સહૃદય આભાર વ્યક્ત કર્યો હતો તેમજ ભારતના ૪૬ શહેરો અને વિશ્વના ૧૫ દેશમાં ૫ કરોડથી વધુ સ્વયંસેવકોની સંગઠિત શક્તિથી વિશ્વભરમાં સમાજસેવા સાથે સાથે ધર્મ, સંસ્કૃતિ, સંસ્કારના પ્રચાર પ્રસારની ઉત્તમ કાર્ય કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, કોરોના વાઈરસે પોતાનું સ્વરૂપ બદલતા કોરોના સંક્રમણની ગતિ વધતા પોઝિટિવ થયેલા દર્દીઓને જરૂરી ઓક્સિજનની જરૂરિયાત અચાનક દસ ગણી થઈ હતી અને તે જરૂરિયાત એક મહિનાથી પણ ઓછા સમયમાં પૂર્ણ કરવાની ચુનોતી ભારત માટે હતી, પરંતુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ સુચારુ આયોજન સાથે રેલવે, વાયુસેના મારફતે હવાઈ માર્ગે, ક્રાયોજેનિક ટેક્ર અને ઓક્સિજનનું ખૂબ ટૂંકા ગાળામાં ઐતિહાસિક માત્રામાં પરિવહન કરાવવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે પોતાની પુરી તાકાત લગાડી દીધી, દેશના તમામ ઈન્ડસ્ટ્રીયલ ઓક્સિજન પ્લાન્ટને ઉત્પાદન અટકાવી તાત્કાલિક ધોરણે મેડિકલ ઓક્સિજન પ્લાન્ટમાં પરિવર્તિત કરવામાં આવ્યા, PM CARES હેઠળ દેશમાં ૧૬૫ જીછ ઓક્સિજન પ્લાન્ટ, ૧ લાખ ઓક્સિજન કોંનસન્ટેટર્સને મંજૂરી આપવામાં આવી તેમજ પેટ્રોલિયમ મંત્રલાય દ્વારા ૧૦૦ જીછ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા જેને આવનારા દિવસોમાં ૩૦૦ પ્લાન્ટ સુધી લઈ જવામાં આવશે. ૧૨ હજારથી વધુ બેડ કેપેસિટી ધરાવતી ૨૧ હોસ્પિટલો ૧૫ દિવસના ટૂંકા સમયમાં ઉભી કરવામાં આવી.

શ્રી શાહે જણાવ્યું કે, સૌના સહિયારા પ્રયાસોથી આજે દેશભરમાં કોરોનાના કેસમાં ઘટાડો નોધાઈ રહ્યો છે, રોજની ૧૦હજાર મેટ્રિક ટન ઓક્સિજનની જરૂરિયાત ૩૫૦૦ મેટ્રિક ટન થઈ છે. ૨૧ કરોડથી વધુ દેશવાસીઓનું રસીકરણ થઈ ચૂક્યું છે અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સૌથી ઓછા દિવસમાં વિશ્વનું સૌથી ઝડપી રસીકરણ આપણા દેશમાં થઈ રહ્યું છે અને તને હજુ વધુ ઝડપી બનાવવા પ્રયત્નો સરકાર દ્વારા કરાઈ રહ્યા છે. શ્રી શાહે કોરોનાકાળમાં ગુજરાત સરકારની કામગીરીની પ્રસંશા કરી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની તેમજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ, સેવા હી સંગઠનના ભાવ સાથે સતત સેવામાં જોતરાયેલા ભાજપા કાર્યકર્તાઓને આ કપરી પરિસ્થિતિમાં જનતાની પડખે રહી સેવા કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના સંસ્થાપક શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ કાર્યક્રમમાં સાંસદશ્રીઓ હસમુખભાઈ પટેલ, કિરીટભાઈ સોલંકી, શારદાબેન પટેલ, પૂનમબેન માડમ, મનસુખ વસાવા, ગીતાબેન રાઠવા, રમેશભાઈ ધડુક, દેવુસિંહ ચૌહાણ, અમદાવાદના મેયરશ્રી કિરીટભાઈ પરમાર અને અગ્રણીશ્રી પરિન્દુભાઈ ભગત, અમદાવાદના કલેકટરશ્રી અને દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. બિમલ જોષી

# ઉ.પ્રદેશમાં એક જ દર્દીમાં વ્હાઈટ, બ્લેક અને યલો ફંગસ દેખાતા ડોક્ટરો સ્તબ્ધ

)લખનૌ,તા.૩

યૂપીના પાટનગર લખનૌમાં એક દર્દીમાં વ્હાઈટ, બ્લેક અને યલો ત્રણેય ફંગસ મળ્યા છે. દર્દી હૉસ્પિટલમાં ભરતી છે. ડૉક્ટરો પ્રમાણે ફંગસની જાણ શરૂઆતના તબક્કામાં લાગી ગઈ છે. આ કારણે દર્દીની હાલત અત્યારે વધારે ગંભીર નથી. ગાઝિયાબાદ બાદ આ દેશનો બીજો કેસ છે. દર્દીનું નામ સરસ્વતી વર્મા (૬૩) છે. એક મહિના પહેલા તેમનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો, પરંતુ બાદમાં ચહેરો ભારે થઈ ગયો, આંખ અને માથું દુઃખવા લાગ્યા. ડાયાબિટીસ પણ હતી. મુશ્કેલી વધતી જોઈને લખનૌની હૉસ્પિટલમાં તેને એડમિટ કરવામાં આવ્યો. દર્દીની સારવાર કરી રહેલા ડૉ. અનુરાગ યાદવે જણાવ્યું કે લગભગ ૨૦ દિવસ પહેલા તેમને લાવવામાં આવ્યા. એમઆરઆઈ રિપોર્ટ જોવા મળવા પર ફંગસની પુષ્ટિ કરવામાં આવી. ત્યારબાદ જયારે ઈન્ડોસ્કોપી કરવામાં આવી તો જાણવા મળ્યું કે ત્રણેય રંગના ફંગસ છે. નાકમાં બ્લેક ફંગસ જોવા મળ્યું, સાઈનસમાં યલો અને મેગ્ઝિલરી બોનની ઉપર વ્હાઈટ. દર્દીની સર્જરી કરવાનો નિર્ણય લીધો, પરંતુ એચઆરસીટી વેલ્યુ હાઈ હોવાના કારણે તરત સર્જરી ના થઈ શકી. આવામાં ફેફસાના સંક્રમણને ઓછું કરવામાં આવ્યું. ત્યારબાદ સર્જરી કરીને તમામ ફંગસને બહાર નીકાળવામાં આવ્યા.

# અફઘાન્તિાનમાંથી અમેરિકન સૈનિકોને પરત બોલાવવાના નિર્ણયનો અમલ શરુ

વોશિંગ્ટન,તા.૩

અમેરિકન પ્રમુખ જો બાઈડેનના ૧૧ સપ્ટેમ્બર સુધી અફઘાનિસ્તાનમાંથી તમામ અમેરિકન સૈનિકોને પરત બોલાવવાના નિર્ણયનો અમલ અત્યારથી જ શરૃ કરી દેવામાં આવ્યો છે. સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર સેના પરત બોલાવવાની ૩૦ થી ૪૪ ટકા પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે.

જો બાઈડેને પ્રમુખ બન્યા પછી અફઘાનિસ્તાનમાં છેલ્લા ૨૦ વર્ષથી ચાલતી લડાઈનો અંત લાવવાની જાહેરાત કરી હતી. હવે અમેરિકા પોતાના સૈનિકોને પરત બોલાવી રહ્યું છે.

અમેરિકન સેનાના સેન્ટ્રલ કમાન્ડોએ જણાવ્યું છે કે અત્યાર સુધી અફઘાનિસ્તાનમાંથી ત્રણસો સી-૧૭ માલવાહક જેટલી સામગ્રી અને ૧૩ હજાર સૈન્ય ઉપકરણ ડિફેન્સ લોજિસ્ટિક એજન્સીને સોંપી દેવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧માં અમેરિકામાં હુમલા પછી અફઘાનિસ્તાનમાંથી આતંકીઓનો સફાયો કરવા માટે અભિયાન શરૃ કરવામાં આવ્યું હતું. જેમાં અમેરિકાની સાથે નાટો દેશોની સેનાઓએ પણ ભાગ લીધો હતો. અત્યાર સુધી આ અભિયાનમાં ૨૪૦૦ અમેરિકન સૈનિકોના મોત થયા છે. હાલમાં અમેરિકામાં ૨૫૦૦ સૈનિકો છે.

એક વર્ષ અગાઉ અમેરિકા અને તાલિબાન વચ્ચે થયેલી સમજૂતી મુજબ અમેરિકા અફઘાનિસ્તાનમાંથી પોતાના સૈનિકો પરત લેશે.

## કેવડીયાની આસપાસના છ ગામો પૈકીનું વાગડીયા ગામના ગ્રામજનોનો વિરોધ

# છ ગામના લોકો માટે ગોરા ગામ પાસે નિર્માણ કરેલ આદર્શ નગરમા જવા ૯૫% આદિવાસી પરિવારોની અસહમતી સાથે વિરોધ પ્રગટ કર્યો

રાજપીપલા, તા ૩

કેવડીયાની આસપાસના છ ગામો પૈકીનું વાગડીયા ગામની જમીન ૧૦૦% સંપાદન અંગે વાગડીયા ગામના ગ્રામજનો વતી આર.ટી.આઈ. હેઠળની માહિતીઆપવામાં તંત્ર ના ઠાગા થૈયા કરી રહ્યું હોઈ ઉપરાંત છ ગામના લોકો માટે ગોરા ગામ પાસે નિર્માણ કરેલ આદર્શ નગરમા જવા ૯૫% આદિવાસી પરિવારોની અસહમતી સાથે વાગડીયા ગામના ગ્રામ જનોએ વિરોધ પ્રગટ કર્યો છે. જેમાં વાગડીયા ગ્રામ પંચાયતના સરપંચ વિનુભાઈ વિઠ્ઠલભાઈએ સોસીયલ મીડિયામાં પત્ર દ્વારા પોતાનો આક્રોશ થાલવ્યો છે. જેમાં જણાવ્યું છે કે ગુજરાત સરકાર (સરદાર સરોવર નર્મદા નિગમ લિ.) દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુની રચના કરીને સમગ્ર દેશની પ્રજામાં એકતા છે તેવો મેસેજ સમગ્ર વિશ્વમાં પ્રસ્થાપિત કરવા જાય છે ત્યારે કેવડીયા કોલોનીની આસપાસમાં આવેલ ગામોના રહીશો આદિવાસી સમાજના હોય તેઓ પોતાનું ભરણ પોષણ ખેતી તથા જંગલ વિસ્તારમાં આવેલ કેટલીક ઔષધિઓ વેચીને જીવન ગુજારતા હોય તે સમયે આ તમામ પ્રાકૃતિક સંપદા જેવા કે જળ- જગંલ જમીન છીનવીને આદિવાસી પ્રજા વિરૂધ્ધ જે નિર્ણય શાસનકર્તાઓ કરી રહેલ છે જેમા સમસ્ત ગ્રામજનો ખુબ જ મોટો આક્રોશ છે.

જેના ભાગરૂપે આ કેવડીયાની આસપાસના છ ગામો પૈકીનું વાગડીયા ગામની જમીન ૧૦૦% સંપાદન કરવામાં આવેલ છે તેવો સરદાર સરોવર નર્મદા નિગમ લિ. નો દાવો છે. આજમીન સંપાદનની કાર્યવાહી સને ૧૯૬૧-૬૨ કરવામાં આવેલ તેમ જણાવે છે પરંતુ વાગડીયા ગામના ગ્રામજનો વતી આર.ટી.આઈ. હેઠળની માહિતી માંગતા આ જમીન સંપાદન કરવાની કાર્યવાહી કયારે શરૂ કરવામાં આવી?, કયારે પૂર્ણ કરવામાં આવી? તથા જમીન માલિકોને તેનુવળતર કયારે ચુકવવામાં આવ્યુ? તેવી માહિતી આ આદિવાસી સમાજને આપવામાં આવતી નથી. આ બાબતે અગાઉ પણ ભરૂચ સાંસદ મનસુખભાઈ વસાવા ને તા.૦૬/૦૪/૨૦૨૧ ના રોજ લેખિત રજુઆત કરવામાં આવેલ પણ તેનો આજદિન સુધી પ્રત્યુતર મળેલ નથી તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા રજુ કરેલ પેકેજ સ્વીકારવાનીસંમતિ આપવામાં આવશે તો જ રોજગારી પુરી પાડવામાં આવશે તેમ મૌખિક જણાવેલ જે કુટુંબોએ સંમતિ આપેલ નથી તેવા મુળ ખાતેદારોના વારસદારો રોજગારીથી વંચિત છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિ. તરફથી છ ગામના લોકો માટે ગોરા ગામ પાસે આદર્શ નગરનું નિર્માણ કરવામાં આવેલ છે જેમાં નગર નિયોજનના કાયદા હેઠળ ૧૨૫ ચો.મી. ના પ્લોટમાં મકાનનું બાંધકામ કરી આપવામાં આવે છે તેમાં એક મકાનમાં બે ભાગ પાડીને બે પરિવારોનો સમાવેશ કરવામાં આવે છે. તેમજ પશુઓ બાંધવાની તથા ચરાવવાની કોઈ સુવિધા ઉભી કરવામાં આવેલ નથી. આમ અમારા ગામનો આદિવાસી સમાજ પ્રકૃતિ તથા પશુપાલન સાથે સંકળાયેલ હોય જેથી આદર્શ નગરમાં જવા માટે સહમત નથી. હમણા હાલમાં વાગડીયા ગામમાંથી એક જ ખાતેદારના પરિવારે આ પેકેજ સ્વીકારેલ છે. જેઓ પશુપાલન સાથે સંકળાયેલ નથી તેઓ એજ આદર્શ નગરમાં જવા સમંતિ આપેલ છે. બાકી વાગડીયા ૯૫% આદિવાસી પરિવારો જળ-જગંલ જમીન અને પ્રકૃતિ સાથે સંકળાયેલ પશુ પાલન કરતો સમાજ આજે પણ આદર્શ નગરમાં જવા સહમત નથી અને જયા સુધીઆદિવાસીઓની જમીન સંપાદન કર્યાના પુરાવા રજુ કરવામાં નહિ આવે ત્યા સુધી પોતાની વડીલો પાર્જિત જમીનો પરનો કબજો આદિવાસીઓ છોડશે નહિ માટે પોતાની જમીનો માટ લડતાઆદિવાસીઓએ સરદાર સરોવર નર્મદા નિ.લિ. ની ઓફર સ્વીકારવા માડી છે તેવા દાવાને નકારવામાં આવે છે.

આથીઆ અંગે સમસ્ત આદિવાસી સમાજ તથા જાહેર જનતાને વાસ્તવિકતા જાણ થાય માટે પત્ર દ્વારા સોસીયલ મીડિયા વોર શરૂ કરતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

જયોતિ જગતાપ, રાજપીપલા

# દેશવાસીઓને મળશે સ્વદેશી વેક્સિન: સરકારે ૩૦ કરો ડોઝનો ઓર્ડર આપ્યો

ન્યુ દિલ્હી,તા.૩

ભારતમાં વેક્સીનની વધતી જરૂરિયાત અને રસીકરણના ઉદ્દેશ્યને પૂરી કરવા માટે કેન્દ્ર સરકારે વધુ એક અગત્યનું પગલું ભર્યું છે. ભારત સરકારે હૈદરાબાદ સ્થિત બાયોલોજિકલ-ઈની કોવિડ વેક્સીનના ૩૦ કરોડ ડોઝ બુક કરાવ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ વેક્સીન હાલ ક્લીનિકલ ટ્રાયલ પર છે. સ્વાસ્થ્ય મંત્રાલય તેના માટે કંપનીને ૧૫૦૦ કરોડ રૂપિયા એડવાન્સ પેમેન્ટ તરીકે આપશે. ભારત બાયોટેકની કોવેક્સીન બાદ આ ભારતમાં બનેલી બીજી વેક્સીન રહેશે.

મંત્રાલયનું કહેવું છે કે વેક્સીનનું નિર્માણ અને સ્ટોરેજ બાયોલોજિકલ-ઈના માધ્યમથી ઓગસ્ટથી ડિસેમ્બર ૨૦૨૧ સુધી કરી દેવામાં આવશે. માર્ચ-એપ્રિલ મહિનામાં જ્યારે ભારત કોવિડની બીજી લહેરના પ્રકોપ સામે સંઘર્ષ કરી રહ્યું હતું તે દરમિયાન રસીકરણની નીતિને લઈ કેન્દ્ર સરકારને આકરી ટીકાનો સામનો કરવો પડ્યો, જેને ધ્યાને રાખી સરકારે આ પગલું ભરવાનો નિર્ણય લીધો છે. આ પહેલા સરકારને આ જ કારણથી પોતાના વેક્સીન મૈત્રી કાર્યક્રમ હેઠળ વિદેશ મોકલવામાં આવી રહેલી વેક્સીનને રોકવી પડી હતી જેથી ભારતમાં વેક્સીનની અછતને દૂર કરી શકાય.

કેન્દ્ર સરકારે પોતાના નિવેદનમાં કહ્યું છે કે, બાયોલોજિકલ-ઈની વેક્સીન હાલમાં ત્રીજા ચરણના ક્લીનિકલ ટ્રાયલમાંથી પસાર થઈ રહી છે. આ પહેલા પહેલા અને બીજા ચરણમાં વેક્સીનના સારા પરિણામ જોવા મળ્યા છે. વેક્સીન આગામી થોડાક મહિનાઓમાં ઉપલબ્ધ થઈ જશે. કેન્દ્ર સરકારનું કહેવું છે કે વેક્સીનની આ નવી વ્યવસ્થા ડોમેસ્ટિક વેક્સીન નિર્માતાઓને પ્રોત્સાહન આપવા અને તેમને રિસર્ચ તથા ખર્ચમાં મદદ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી છે. સરકારનું કહેવું છે કે બાયોલોજિકલ-ઈની રસી માટે બાયોટેક્નોલોજી વિભાગને ૧૦૦ કરોડની આર્થિક મદદ આપવામાં આવી છે. આ વિભાગ કંપનીની સાથે મળી અલગ-અલગ રિસર્ચમાં સામેલ છે. ભારત સરકારનું કહેવું છે કે સરકારનો ઉદ્દેશ્ય કોવિડ-૧૯ વેક્સીનના ૫-૬ નિર્માતાઓને મદદ કરવાની છે.

# ધો.૧૨ બોર્ડ પરીક્ષાના મૂલ્યાંકન માપદંડની અરજી સુપ્રિમે બે સપ્તાહ માટે સ્થગિત કરી

ન્યુ દિલ્હી,તા.૩

સુપ્રીમ કોર્ટએ ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાને રદ કરવા અને મૂલ્યાંકન માપદંડની માંગવાળી અરજીની સુનાવણીને હવે બે સપ્તાહ માટે સ્થગિત કરી દેવામાં આવી છે. જસ્ટિસ એ.એમ. ખાનવિલકરની અધ્યક્ષતાવાળી બેન્ચે સીબીએસઈ અને સીઆઈએસસીઈને સ્ટુડન્ટ્સનું આકલન કરવા માટે વૈકલ્પિક મૂલ્યાંકન માપદંડની સાથે આવવા માટે બે સપ્તાહનો સમય આપ્યો છે. એટલે કે બે સપ્તાહ દરમિયાન સીબીએસઈ અને સીઆઈએસસીઈને વિકલ્પ તરીકે જણાવવો પડશે, જેના આધાર પર તેઓ સ્ટુડન્ટ્સનું પરિણામ તૈયાર કરવાના છે. કેન્દ્ર સરકારે પહેલા જ સીબીએસઈ ધોરણ-૧૨ની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લઈ લીધો છે, એવામાં સુપ્રીમ કોર્ટ એ જાણવા માંગે છે કે પરિણામ તૈયાર કરવા માટે મૂલ્યાંકન માપદંડ શું હશે. આ દરમિયાન, અનુભા શ્રીવાસ્તવ દ્વારા સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં ૨૬ રાજ્યો અને ૨ કેન્દ્ર શાસિત પ્રદેશોને પોતપોતાના રાજ્ય બોર્ડોને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષા રદ કરવાના નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે. દાખલ કરવામાં આવેલી અરજીનો ઉદ્દેશ્ય ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાના નિર્ણયની સાથે સમાનતા રાખવાની છે.

આજની સુનાવણીમાં એટોર્ની જનરલે જણાવ્યું કે, સીબીએસઈ ત્રણ સપ્તાહમાં મૂલ્યાંકન માપદંડ પર નિર્ણય લેશે. આઈસીએસઈના વકીલે એવું પણ સૂચિત કર્યું છે કે તેમની પાસે વિશેષજ્ઞોની એક સમિતિ છે, જે ટૂંક સમયમાં જ માપદંડ પર નિર્ણય લેશે. માપદંડની પસંદગી કરવા માટે બંને પક્ષોએ સુપ્રીમ કોર્ટ પાસેથી વધુ સમય ફાળવવાની માંગ કરી હતી.

CMYK

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચનાં....

.વિષય : સામાજિક પરિવાર ની હૂફ..દિવસ - ૪

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયિક તેમજ એડમિન ટીમ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ(પ્રતિભાવ એંકર), પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંટ,અરૂણાબેન ત્રિવેદી
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

## NOG SS No : 0079

ગદ્ય

વિષય: કોરોનાની જીંદગી પર અસર

શિર્ષક: તારા પરાક્રમ

કોરોના તે હાહાકાર મચાવ્યો, શાપ બની કે વરદાન ? દરેક સિક્કાની બે બાજુ હોય છે. હા, કોરોનાને કારણે જે વ્યક્તિ વિદાય થયાં તેમના માટે અંતઃકરણથી પ્રાર્થના. તેમના મૃત્યું માટે કોરોના નિમિત્ત બન્યું. યાદ રહે તે એક દિવસ મૃત્યું આવવાનું હતું. ક્યારે તેની કોઈને ખબર હોતી નથી.

ચાલો, હવે આવ્યું જ છે તો કકળાટ શાને ? બનતા પ્રયાસ કરો કે આપણે સહુ સહિસલામત રહીએ.

સહુ પ્રથમ ચોખ્ખાઈ રાખવાની, માસ્ક પહેરવાના, મિજબાનીને તિલાંજલિ આપવાની. લગ્ન પ્રસંગ નાના પાયા પર ઉજવવાના.

'લોક આઉટ (લોકડાઉન)હોય ત્યારે બહાર નિકળવાનું નહીં. હવે મુદ્દા પર આવું. કોરોનાએ આપણને પોતાના કુટુંબ સાથે ગાઢ નાતો કરાવ્યો. ઘરને માણતા શીખવ્યું. હંમેશાં બહાર ભટકતા મનને નિયમન કરતાં શીખવ્યું. મશ્કરીમાં હું કહેતી,હ્ર કદાચ પતિ પત્ની નજીક આવશે યા છૂટાછેડા લેશે !

પતિ અને પત્ની એકબીજાના પૂરક બન્યા. બાળકોને માતા અને પિતાનો પ્રેમ મળ્યો. ખરેખર કોરોનાએ માનવ જાતિ પર મોટો ઉપકાર કર્યો છે. ઘરમાં રહીન પોતાનામાં છુપાયેલી કલાની અભિવ્યક્તિનો સમય પ્રાપ્ત થયો.

સરકાર પોતાનાથી બનતા બધાં ઉપાય કરી રહી છે. કિંતુ જ્યારે તેણે માઝા મૂકી ત્યારે કોઈને દોષ દેવો વ્યાજબી નથી. જેઓની નાણાકિય પરિસ્થિતિ સારી ન હોય તેવાને મદદરૂપ થવું એ આપણી ફરજ બને છે. આપણી નજર સમક્ષ વિદાય થતા વ્યક્તિ કશું જ સાથે નથી લઈ જતાં.

જો આપણે નસીબદાર હોઈએ અને હજુ કોરોનાના શિકાર નથી બન્યા તો આપણી નૈતિક ફરજ બને છે. મન વિશાળ અને નાણાનો સદ ઉપયોગ અતિ આવશ્યક છે. 'કોરોનાહ્ર દ્વારા જીવનની ક્ષણભંગુરતા નજર સમક્ષ નિહાળી રહ્યા છીએ. મિત્રો આ મુશ્કેલીમાં શાંતિ રાખવી અને જીવનમાં જે આવે તે બધું જવાનું એમ માની મન મનાવવું.

પ્રવિણા કડકિઆ..હ્યુસ્ટન.અમેરિકા

---

## NOG SS No : 0092

પ્રકાર:-ગદ્ય

શીર્ષક:-કોરોનાકાળ માં મારી સંકટમોચન

પહેલેથી એ સાહસિક અને નિડર,પણ એની અસાધારણ ક્ષમતાનો પરિચય મને કોરોનાને કારણે વધારે થયો.૫ એપ્રિલે હું પોઝીટીવ થઈ અને ૭ એપ્રિલે મારા મમ્મી પપ્પા. પપ્પાને કોમોરબીડીટી અને વધારે ઉંમર, એટલે ડરના ઓથાર હેઠળ. ગામના ઘરમાં એ બંને એકલા જ રહે એટલે તરત જ ફોન આવ્યો કે, 'અલકા અમે તારી પાસે ગાંધીનગર આવીએ છીએ.' હોસ્પિટલોમાં ક્યાંય જગ્યા નહિ. પ્રદીપભાઈની મદદથી પપ્પાની સારવાર માટે સિવિલમાં વ્યવસ્થા થઈ. એ માટે જરૂરી સંકલન અને દાખલ કરવાની વિધિ મારી એ સંકટમોચને શાંતિથી પતાવી.બે દિવસમાં એના ભાઈને સખત તાવ અને ખાંસી.એને હોસ્પિટલ લઈ જઈ રિપોર્ટ્સ કરાવવા, ડોકટરને બતાવવું એ બધું પણ એણે સહજતાથી પાર પાડ્યું. પપ્પાને આઈ.સી.યુ.માં ખસેડ્યાકારણકે ઓક્સિજનનું સ્તર ઓછું થતું જતું હતું.ત્યાંનું ફોલોઅપ,એમની હિંમત જાળવી રાખવા વિડિયો કોલિંગ, ડોક્ટર સાથે ચર્ચા બધુંજ એણે સાચવ્યું.સાથેજ નાના દીકરાને અને વયોવૃદ્ધ સસરાને ચેપ ના લાગે તે માટેની સાવચેતી, પોતાના ઘરની અને મારી જવાબદારી હસતે મુખે નિભાવી. સમયની બીજી થપાટ વાગી કે એના પતિ નિખિલ અને ભાઈ નિશાંતનો સિટી સ્કેન રિપોર્ટ ખરાબ આવ્યો અને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી.અહીં કોઈ હોસ્પિટલમાં બેડ નહીં, આજુબાજુમાં તપાસ કરાવી પણ કોઈ જ મેળ ના પડ્યો.મેં સ્વજનો અને ઓળખીતાઓને કાલાવાલા કર્યા કે કોઈ મદદ કરે પણ બધું વ્યર્થ! મારી આવી લાચારી જોઈને એણે હિંમત બંધાવતા કહ્યું કે, "હું ગોઠવું છું, તું ચિંતા ના કર." રાત્રે ૯.૩૦વાગે એણે એના પ્રયાસોથી બંનેને સિવિલમાં દાખલ કરાવ્યાં.મારા જમાઈ નિખિલને પહેલે જ દિવસથી ઓક્સિજન પર રાખ્યા હતા.પતિની નાની ઉંમરે આ તકલીફની ચિંતા મનમાં છુપાવી એ એકલે હાથે ત્રણેયનું ધ્યાન રાખતી. ૨૧મી એપ્રિલે જ્યારે મારા પપ્પાનું અવસાન થયું ત્યારે મૃતદેહને ગૌરવભેર લેવાથી માંડીને એમના યથોચિત અંતિમ સંસ્કાર સુધીની પૂરી વ્યવસ્થા એ નાનકડીએ વણથાકે નિભાવી ત્યારે મારી સંકટમોચન માટે મારું હૃદય ગર્વથી ગદગદ થઈ ગયું.એનાથી મારું માતૃત્વ ખરેખર દીપી ઉઠ્યું. લવ યુ ડિયરેસ્ટ શ્રેયા.

અલકા મહેતા,ગાંધીનગર

---

## NOG SS No - 80

વિષય - કોરોના કાળમાં હૂંફ એક ઉત્તમ દવા

શીર્ષક - તું જ પાલનહાર

કાળમુખા કોરોનાની બીજી લહેર ઘણી જ ઘાતક નીવડી છે. ખૂબ જ અંગત સ્વજનોને ગુમાવ્યાની હજી સહેજેય કળ વળતી જ નથી..

સાજા સારા વ્યક્તિઓ, હાલતા ચાલતા,બોલતા વ્યક્તિઓ હજી તો નજર સામે જ હોય, નોર્મલ વ્યક્તિની જેમ આપણી સાથે વાતચીત કરતાં હોય, અને આઠદસ કલાકમાં તો ઓક્સિજન સાવ ડાઉન થવા લાગે! ફેફસામાં ભયંકર ઇન્ફેકશન ફેલાઈ જાય!અને આપણું પ્રિય સ્વજન જીવન મરણ વચ્ચે ઝોલાખાવા લાગે! આપણે એને અધ્ધર જીવે ખૂબ આશ્વાસન આપવાનો પ્રયત્ન કરીએ ત્યાં તો ઘડી ઘડીબે ઘડીમાં નજર સામે જ પ્રાણ પંખેરું બનીને ઊડી જાય!આપણે વિલાપ કરતાં રહી જઈએ! આ તે કેવી કુદરતની ક્રૂરતા!

મારી મોટીબેનની એકનીએક દીકરી, છવ્વીસ વર્ષની. લગ્ન થયાં ને હજી તો અરમાનો, સપનાઓમાં હિલોળતા હોય ત્યાં જ એ ભાણેજ જમાઈને હમણાં જ કોરોના ભરખી ગયો. શું એ લોકોએ જિંદગી માણી? કેવી દશા હોય એ દીકરીની?આશ્વાસન પણ શું આપી શકાય!છતાંય મનને કાઠું કરીને એ દીકરીને મારે જ સતત આશ્વાસન,હૂંફ આપવા પડેછે.આપણે સમજી શકીએ, કે ક્ષણે ક્ષણે દરેક વાતમાં પોતાના પ્રિયજનની યાદ સતાવે. એનાં માટે ક્યા શબ્દોમાં એને સમજાવી શકાય? શબ્દો જ જડતા નથી.

કોરોનાં રૂપી રાક્ષસે સમાજમાં કેટલાય લોકોનાં આવા તો કેટલાય સ્વજનોનાં જીવ લીધાં છે. હજીય જાણે એ ધરાયો ન હોય એમ નરાધમ અટકવાનું નામ લેતો જ નથી ને!

આ રાક્ષસથી છૂટવા માટે હવે તો ઈશ્વર આધાર સિવાય કશું ય કળાતું નથી.હે ઈશ્વર બસ, હવે તો તું જ કંઈક ચમત્કાર કર.

મારણહાર તું, તારણહાર તું... મારાં રામ...
સંસાર સાગરના ખેવનહાર તું... મારાં રામ..
એક પાલનહાર તું જ પાલનહાર.. મારાં રામ...
અસ્તુ

વર્ષા જાની,ભાવનગર.

---

## NOG SS no.0081

વિષય : કોરોના કાળમાં પરિવારની હૂંફ

પ્રકાર : ગદ્ય /વાર્તા

શીર્ષક :વિષ કે વિષાણુ

શબ્દો :૨૯૯

::::::::: વિષ કે વિષાણુ ??:::::::::

મનમાં ફડક સાથે દસ મહિને વૃદ્ધાશ્રમમાં ફોન જોડ્યો. હરખથી ઊભરાતો બાનો ક્ષીણ અવાજ આવ્યો,

" બેટા,બહુ ખરાબ રોગચાળો ફાટી નીકળ્યો છે આ કોરોના .બહુ ગીર્દીવાળી જગ્યાએ નહીં ?જતો . મોં પર પેલું શું કહે છે .."માસ "પહેરજે હોં.તને તારી બાના સોગંદ,મને મળવા ન આવીશ. સાચું કહું,બહુ સારું લાગ્યું તારો ફોન આવ્યો તો !કહે છે બહારથી ?આવનારાથી આ કોરોના થાય ,તે હું પણ હવે તમારા માટે બહારની જ ને!આ રોગ ઘરડાંને જલ્દી થાય ,તો અહીં તો બધાંને જ થશે કે શું ?આમેય અહીં આવનારને કોણ પાછું લઈ જાય છે!"


લોકડાઉનમાં મૂંઝાયેલા દીકરાને બા સાંભરી, જાણે એ વાંસો પસરાવી કહે ,"હરિ પર ભરોસો રાખ,સૌ સારાં વાનાં થશે"એ ખાંસતા કહેવા લાગી," બેટા, આ કલિયુગ છે ને, એમાં તો આવું જ થાય".એ બોલવા ગયો ,"બા,મારી ઈચ્છા."બા વચ્ચે બોલી ,"આ ફોનમાં વાત કરવાથી તો એ જંતુઓ ન આવે ને?આજે તો આવી શકે,એમ કહીશ તો ય હું આ ફોન મૂકવાની નથી .. કેટલાં મહિને તારો અવાજ સંભળાયો."

ડૂસકાંમાં બાની ખાંસી સમાઈ ગઈ "દીકરા,વગર કામે? બહાર ન જતો, બારણું બરાબર વાસજે, મને કાઢ્યાં પછી વાસ્યું હતું તેમ." એની જીભને જ "લોકડાઉન" લાગી ગયું. વળી વિષાદ ફોનમાં ઘૂંટાયો,"હું તો ઈચ્છું કે આ બીમારી મને લાગી જાય. કહે છે કે બધી જવાબદારી પેલી મ્યુનિસિપાલિટીવાળા જ લે છે,તારે કંઈ ઉપાધિ જ નહીં ને ! બધું મફત.તારે આવવાની તસ્દી જ નહીં ,એ લોકો જ બધું આટોપી લે,મરણ સુધી.તને સૂતક , શ્રાદ્ધ, તર્પણ સઘળામાંથી મુક્તિ." એને? હતું કદાચ પાછો ફોન ન આવે તો? હાંફતી બોલી,"આ સાવ ઝીણાં એવાં આ વિષાણુ કરતાં માનવ વિષ કેટલું ભયાનક , કેટલું કાતિલ હોય છે નહીં ! રિબાવી રિબાવીને મારે".

?ફોન સાથે એ ફસડાઈ પડ્યો. કેમ આ વિષ જીરવતી હશે બા? એ નીકળી પડ્યો વૃદ્ધાશ્રમ ભણી.વિષાણુને તો માસ્ક અને સેનિટાઈઝરથી ધોવાશે પણ...બા ને પિવડાવેલ વિષ તો મારે જ ધોવું રહ્યું .

માયા દેસાઈ,મુંબઈ ભારત.

## 3 જૂન, વિશ્વ સાઈકલ દિવસ
## સાઈકલ સાઈકલ, મારી સોનાની સાઈકલ



સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ સત્તાવાર વિશ્વ સાયકલ દિવસ ૩ જૂન, ૨૦૧૮ ના રોજ ઉજવવામાં આવ્યો. ભારતમાં પણ છેલ્લા ત્રણ વર્ષથી આ દિવસ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ પાછળનું કારણ કોરોના કાળ હોય શકે છે તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. પરિવહન માટેનાં એક સરળ, વ્યાજબી, વિશ્વસનીય અને વાતાવરણની સુરક્ષાને પ્રોત્સાહિત કરતા સાધન સાઈકલનું મહત્વ લોકો સુધી પહોંચાડવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. યુરોપિયન દેશોમાં સાયકલનો ઉપયોગ કરવાનો વિચાર ૧૮મી સદીનાં અંતમાં જ લોકોના મગજમાં આવી ગયો હતો. જો કે, પ્રથમ વર્ષ ૧૮૧૬ માં, પેરિસિયન કારીગરે તેને એક આકૃતિનું રૂપ આપ્યુ. એ વખતે તેને હોબી હોર્સ એટલે લાકડીનો ઘોડો કહેવામાં આવતું હતું અને ત્યારબાદ ૧૮૬૫ માં સાઈકલનું મૂળ સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું હતું. ભારતમાં સાયકલે આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી. આઝાદી પછી ઘણા દાયકાઓ સુધી સાયકલ ટ્રાફિકનો મહત્વનો ભાગ રહી. ૧૯૬૦ થી ૧૯૯૦ ના દાયકા સુધી ભારતમાં મોટાભાગનાં પરિવારો પાસે સાયકલ હતી. એ સમયે તે એક મહત્વપૂર્ણ અને વ્યાજબી સાધન હતું. ભારતીય ટપાલ ખાતાની આખી સિસ્ટમ સાયકલથી ચાલતી હતી. આજે પણ પોસ્ટમેન સાયકલ દ્વારા પત્રો વહેંચે છે. સાયકલ ગામડાઓમાં ખેડુતો માટે બજાર સુધી પાકને પહોચાડવાનું સાધન રહ્યુ. જે આજે પણ અમુક અંશે યથાવત છે. દૂધ વેચનાર માટે પણ સાઈકલ એક મહત્વપૂર્ણ સાધન છે અને પ્રમાણમાં ઓછી આવક ધરાવતા મજૂરો માટે પણ તે ઉત્તમ વાહન છે.

સાયકલ ચલાવવાનાં ઘણા ફાયદા છે માટે તો તેને સોના સાથે સરખાવવામાં આવ્યું છે.

- દરરોજ અડધો કલાક સાયકલ ચલાવવાથી સ્થૂળતા, ખાસ કરીને પેટની ચરબી ઓછી થાય છે.
- દરરોજ સવારે સાયકલ ચલાવવીથી તાજી હવા પણ મળે છે અને તમારી ફિટનેસને જાળવી રાખે છે.
- સાયકલ ચલાવવાથી રોગપ્રતિકારક શક્તિ પણ સારી રહે છે. એક અહેવાલ મુજબ, સાયકલ ચલાવવાથી ઈમ્યૂન સેલ્સ એક્ટિવ થઈ જાય છે જે રોગનું જોખમ ઘટાડે છે.
- એક શોધ મુજબ, રોજ ૩૦ મિનિટ સાયકલ ચલાવવાથી વ્યક્તિનુ મગજ સામાન્ય વ્યક્તિ કરતા વધુ સક્રિય રહે છે અને બ્રેન પાવરમાં પણ ૧૫ થી ૨૦ ટકાનો વધારો થાય છે.
- સાયકલમાં ડીઝલ અથવા પેટ્રોલની જરૂર રહેતી નથી અને સ્વાસ્થ્ય પણ જળવાય છે. તેનાથી પ્રદૂષણ ફેલાતું નથી માટે તે પર્યાવરણ માટે પણ અનુકૂળ છે.

- મિત્તલ ખેતાણી

## સ્તા અને પીવાના પાણી સુવિધા મળે એ માટે નર્મદા જિલ્લા કલેકટર ને આવેદનપત્ર અપાયું

નર્મદા જિલ્લા પંચાયત ના સભ્ય અને ગરુડેશ્વર તાલુકાના પચાયત ના સભ્યોએ રસ્તા અને પીવાના પાણી સુવિધા મળે એ માટે નર્મદા જિલ્લા કલેકટર ને આવેદનપત્ર આપ્યુંછે જેમાં ગરુડેશ્વર તાલુકાના અંતરિયાળ અને આદિવાસી વિસ્તાર માં પીવા ના પાણી રસ્તા અને પાયા ની સુવિધા મળી એમાં નર્મદા જિલ્લા કલેકટર ને રજુઆતકરી હતી.નર્મદા જિલ્લા પંચાયત ના સભ્ય નિતેષકુમાર સુરમજીભાઈ તડવી અને ગરુડેશ્વર તાલુકા પંચાયત ના સભ્ય ભીમાભાઈ શામળ ભાઈ તડવી પચલા ગુપ ગ્રામ પંચાયત સરપચ મીના બેન જીકુભાઈ તડવી તેઓએ સાથે મળીને આવેદનપત્ર આપી ને રજુઆત કરવા આવી હતી .આવેદનપત્ર મા જણાવ્યુ હતું કે મારા કાર્યક્ષેત્રના ગામોમાં ગડી ભણગ ફળિયામાં જવાનો રસ્તો અને પીવાના પાણીની સગવડ નથી. વસ્તી અંદાજીત ૧૦૦ જેટલા લોકો વસવાટ કરે છે. જેઓ હાલમાં એક કિલોમીટર દૂર આવેલા નાના કૂવામાં પાણી ભરવા જાય છે, કુમેટા ફળિયામાં કાચો કોતર વારો રસ્તો છે જેથી ચોમાસામાં અવર-જવર માટે ઘણી મુશ્કેલી પડે છે અંદાજિત વસ્તી ૮૦ લોકો વસવાટ કરે છે. જંતર ગામના જાંબલી ફળિયામાં જવાના કાચો રસ્તો હોય, કોતર હોય. લગભગ ૫ કિલોમીટર જેટલું અંતર હોય જે આજદિન સુધી કોઈ પાણીની સગવડ થઈ નહીં. નાના કોયારીમાંથી પાણી પીવે છે પીવાલાયક પાણી નથી અંદાજિત ૧૦૦ થી ૧૫૦ લોકોની વસ્તી છે બાળકોને શિક્ષણ કાર્યમાં પણ તકલીફ પડે છે આવી બધ પાયા ની સુવિધા મળી રહે એ માટે નર્મદા જિલ્લા ના કલેકતડ ને આવેદનપત્ર આપી ને તાત્કાલિક ધોરણે સગવડ કરી આપવા ની જરુવાત કરી છે..

જયોતિ જગતાપ, રાજપીપલા

## અમદાવાદમાં કોરોના બાદ મહિલાની માનસિક સ્થિતિ બગડતાં ભૂવા પાસે લઈ જવાઈ

અમદાવાદ,તા.૩

કોરોના થયા બાદ અનેક લોકોની માનસિક સ્થિતિ પર અસર પડી છે. લોકો કોરોનામાંથી મુક્ત થઈ જાય છે પરંતુ તેના વિચારો અને પછીનો ભય મનમાંથી જતો નથી. વાસણા વિસ્તારમાં મહિલાને કોરોના થયા બાદ માનસિક પરિસ્થિતિ બગડી હતી. મહિલાના પિયરપક્ષના તેને ડોકટર પાસે સારવાર કરાવવાની જગ્યાએ ભુવા પાસે લઈ જતા હતા. જેથી પતિને જાણ થતાં તેઓ પત્નીના પિયર પક્ષના લોકોને સમજાવ્યા હતા છતાં ન સમજતા છેવટે તેણે મહિલા હેલ્પલાઈન અભયમ ૧૮૧ની મદદ લીધી હતી. હેલ્પલાઈનની ટીમે પિયરપક્ષના લોકોને સમજાવ્યા હતા કે મહિલાને સારવારની જરૂર છે જેથી તેમને હોસ્પિટલમાં લઈ જવા અને જો ભુવાને બોલાવી કાળાજાદુ કર્યું તો કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

શહેરના વાસણા વિસ્તારમાંથી એક યુવકે અભ્યમ હેલ્પલાઇન ૧૮૧ પર ફોન કરી કહ્યું હતું કે મારી પત્ની તેના પિયરમાં છે અને તેની તબિયત ખરાબ છે તેને પિયરવાળા હોસ્પિટલમાં લઈ જવાની જગ્યાએ ભુવા પાસે લઈ જઈ કાળાજાદુ કરાવે છે. જેથી હેલ્પલાઇનની ટીમ ત્યાં પહોંચી હતી. ઘરે જઈ તપાસ કરતા યુવકે જણાવ્યું હતું કે પોતે જોધપુર ખાતે રહે છે. ૫ વર્ષ પહેલાં તેના લગ્ન થયા હતા. બે મહિના પહેલા પત્નીને ડિલિવરી આવી ત્યારે તેને કોરોના થઈ ગયો હતો. પત્ની અને દીકરીને કોરોના મટી ગયો પરંતુ પત્ની પર માનસિક પરિસ્થિતિ બગડી ગઈ હતી. સાસરીમા તેની સારવાર ચાલતી જ હતી. પરંતુ એક દિવસ રાતે પત્નીના પિયરપક્ષના લોકો ઘરે આવ્યા હતા અને અમદાવાદ વાસણા અમારા ઘરે સારવાર કરાવીશું કહી ઝઘડો કરી ઘરે લઈ ગયા હતા. પત્નીની સારવારની ચિંતા હોવાથી પતિ વાસણા ખાતે પહોંચ્યો હતો. પરંતુ તેની સાસરીવાળાએ ઘરમાં ઘુસવા દીધો નહિ અને બહાર કાઢી મુક્યો હતો. પતિને આસપાસના લોકો પાસેથી જાણવા મળ્યું હતું કે તેની પત્નીને સારવાર માટે હોસ્પિટલમાં નથી લઈ જતાં અને ભુવા પાસે લઈ જાય છે જેથી યુવકે પત્નીને સારવાર કરાવવા કહ્યું પણ માન્યા નહિ. જેથી હેલ્પલાઈનની મદદ લીધી હતી.

## વડોદરા મનપાનો સ્માર્ટ વિચાર: સેબીમાં મંજૂરી બાદ ૨૦૦ કરોડના બોન્ડ બહાર પાડશે

વડોદરા,તા.૩

રૂપિયા ૨૦૦ કરોડના મ્યુનિસિપલ બોર્ડ બહાર પાડવાની મ્યુનિ. કોર્પોરેશને બજેટ થકી મંજૂરી આપેલી છે. જે માટેની જરૂરી કામગીરી અને પ્રક્રિયાઓ મ્યુનિ. કોર્પોરેશને કરેલી છે. હાલમાં મ્યુનિસિપલ બોન્ડ માટે નિયુક્ત લીગલ કાઉન્સીલ દ્વારા ડ્યુ ડીલીજંસ રીપોર્ટ અને પ્રાયમરી પ્લેસમેન્ટ મેમોરેંડમ તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. આ બન્ને વિગતો તૈયાર થયા બાદ સેબીમાં મંજૂરી મળ્યા બાદ વડોદરા કોર્પોરેશન બોન્ડ બહાર પાડી શકશે. જે માટે બોન્ડ ઈસ્યુ કમિટિની રચના કરવા કોર્પોરેશને સ્ટેન્ડિંગ કમિટિ સમક્ષ દરખાસ્ત રજૂ કરી છે.

જેમાં ભલામણ મુજબ, કમિટિના અધ્યક્ષ તરીકે મ્યુનિ.કમિશનર રહેશે અને અન્ય ચાર અધિકારીઓ સભ્ય રહેશે.મ્યુનિ. કોર્પોરેશનની સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના બજેટ મંજૂરી દરમિયાન અમૃત યોજના હેઠલ આપવાપાત્ર ફાળાની રકમ રૂપિયા ૨૦૦ કરોડની મર્યાદામાં મ્યુનિસિપલ બોન્ડ બહાર પાડવા મંજૂરી અપાઈ હતી. જે બોન્ડ અંગેની પ્રક્રિયા અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષની બેલેન્સ શીટ, અધ્યતન ક્રેડીટ રેટીંગ્સ વિગેરેની પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે.

હાલમાં મ્યુનિસિપલ બોન્ડ માટે નિયુક્ત લીગલ કાઉન્સીલ દ્વારા ડ્યુ ડીલીજંસ રીપોર્ટ અને પ્રાયમરી પ્લેસમેન્ટ મેમોરેંડમ તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. બન્ને વિગતો તૈયાર થયા બાદ સ્ટોક એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)માં રજૂ કરી કરાશે. જેઓ મ્યુનિસિપલ બોન્ડ બહાર પાડવાની મંજૂરી આપશે.

સેબીમાં રજૂ કરવાનો થતા પ્રાયમરી પ્લેસમેન્ટ મેમોરેંડમમાં વડોદરા કોર્પોરેશને દ્વારા મ્યુનિસિપલ બોન્ડ થકી જે રકમ ઉગવવાની છે તેના સંપૂર્ણ વહિવટ માટે એક બોન્ડ ઈસ્યુ કમિટિની રચના કરવાની હોય છે. જે કમિટિની રચના સેબી નવા નિયમો પ્રમાણે ફરજિયાત છે. જેથી બોન્ડ ઈસ્યુ કમિટિ રચવાની થાય છે. જેમાં મ્યુનિ.કમિશનરને કમિટિના અધ્યક્ષ અને ચાર સભ્યોમાં ડેપ્યુટી મ્યુનિ.કમિશનર, ચીફ એકાઉન્ટન્ટ, કાર્યપાલક ઈજનેર (પાણી પુરવઠા પ્રોજેક્ટ) અને કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ પ્રોજેક્ટ)ને નિમવાની ભલામણ સાથેની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટિમાં કરાઈ છે.

કમિટિ પાસે મ્યુનિસિપલ બોન્ડની સંપૂર્ણ પ્રક્રિયા માટે જરૃરી કાર્યો કરવા અને નિર્ણયો લેવા અંગેની સત્તા રહેશે. જેમાં મુખ્યત્વે બોન્ડ અમૃતના કયા કામો માટે બહાર પાડવા, બોન્ડ ક્યારે, કેટલી રકમના, કેટલા સમય માટે બહાર પાડવા અને આવેલ વ્યાજ દર સ્વિકારવા, બોન્ડ માટે જરૂરી એજન્સીઓની નિમણૂંક કરવા અને ફી નક્કી કરવા, બેંકર ટુ ઈસ્યુ અને એસ્ક્રો બેંકર નક્કી કરવા, બેલેન્સ શીટ, કેશ ફ્લો, ક્રેડીટ રેટીંગ્સ, ડ્યુ ડીલીજંસ રીપોર્ટ, પ્રાયમરી પ્લેસમેન્ટ મેમોરેંડમ, કરારો, ફોર્મ્સ વિગેરે માન્ય કરી સહી કરવા, બોન્ડ એલોટમેન્ટના બેસીસ નક્કી કરવા, મંજૂર કરવા, એલોટ કરવા, બીએસઈએનએસડીએલ/સીડીએએલમાં લિસ્ટીંગ અને ડીમટીરીયલાઈઝેશન અંગેની કામગીરી, સ્ટેમ્પ ડ્યુટી ભરવા સહિતની તમામ સત્તાઓનો સમાવેશ થાય છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા પણ રદ થવાની શક્યતા

રાજકોટ,તા.૩

સીબીએસઈ અને ગુજરાત બોર્ડની પરીક્ષા રદ થયા બાદ હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર થવાની શક્યતા વર્તાય રહી છે. આ અંગે યુનિવર્સિટી દ્વારા સરકાર સાથે ચર્ચા કર્યા બાદ પરીક્ષા રદ અથવા ઓનલાઈન કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવશે. આ તો થઈ પરીક્ષાની વાત પણ યુનિવર્સિટી દ્વારા અચાનક ફી પીજીની જુદી જુદી ૨૦થી વધુ પ્રકારની ફીમાં ૧૦ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી હતી. જે મુદ્દે હોબાળો થતા અચાનક સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ફી વધારા મુદ્દે યુ-ટર્ન લેતાં આ નિણર્ય પાછો ખેંચ્યો છે. આ અંગે કુલપતિ નીતિન પેથાણીએ જણાવ્યું હતું કે,હાલ ૧૫મી જૂને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પીજી અને યુજીના ત્રણથી ચાર હજાર વિદ્યાર્થીઓની પરીક્ષા ઓફલાઈન યોજાનાર છે. જ્યારે સંભવિત ૨૧મી તારીખે સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓની પરીક્ષા યોજાનાર છે. હવે જો સરકાર તરફથી કોઈ નિર્ણય જાહેર કરવામાં આવશે તો તેમાં ફેરફાર થશે/ ઉલ્લેખનીય છે કે જો અચાનક પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર થતા વિદ્યાર્થીઓને પણ તેનો સામનો કરવો પડશે.

## ચાલુ કોર્ટે જજ પર ચપ્પલ ફેંકનાર આરોપીને ૧૮ માસની કેદ ફટકારાઈ

અમદાવાદ,તા.૩

ગુજરાત હાઈકોર્ટના તત્કાલીન ન્યાયમૂર્તિ અને ઓરિસ્સા હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ કલ્પેશ ઝવેરી પર ચપ્પલ ફેંકવાના મામલે આજે ગ્રામ્ય કોર્ટે આરોપીને આકરી સજા સંભળાવી છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આરોપી ભવાનીદાસ માયારામ બાવાજી માર્ગીને ચાલુ કોર્ટે ન્યાયમૂર્તિ પર ચપ્પલ ફેંકી સરકારી કામમાં રુકાવટ બદલ ૯ વર્ષ બાદ આરોપીને ૧૮ મહિનાની કેદની સજા ફટકારી છે.

લાંબા સમય સુધી કેસ નહીં ચાલતો હોવાથી અકળામણમાં આવીને આરોપીએ એપ્રિલ ૨૦૧૨માં ઓપન કોર્ટમાં જજ પર ચપ્પલ ફેંક્યું હતું. આ અંગે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે અવલોકન કર્યું કે, આરોપીને પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો ખોટો શિરસ્તો પડી જાય. કેસ ચાલતો નથી તો કોર્ટની અવગણના કરવી અને જજ પર ખોટી રીતે ગુનાહિત બળપ્રયોગ કરવો અને ત્યારબાદ પ્રોબેશનનો લાભ લઈને છૂટી જવું.

### વિશ્વની ટોચની કંપની ગુજરાતમાં હેલ્થ-વેલનેસ પ્રોડકટનું નિર્માણ કરશે

# પ્રોકટર એન્ડ ગેમ્બલ ગુજરાતના સાણંદમાં ૫૦૦ કરોડનો પ્લાન્ટ સ્થાપશે

ગાંધીનગર,તા.૩

અમેરિકાની મલ્ટિનેશનલ કન્ઝયુમર ગુડ્સ કંપની પ્રોકટર એન્ડ ગેમ્બલ જેને પીએન્ડજી નામથી લોકો વધુ ઓળખે છે તે પોતાની હેલ્થ અને વેલનેસ પ્રોડકટના મેન્યુફેકચરિંગ માટે ગુજરાતમાં રુ. ૫૦૦ કરોડના રોકાણ સાથે પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે. આ રોકાણ પ્લાન તાજેતરમાં કંપનીની મેનેજમેન્ટ ટીમ અને સરકારી અધિકારીઓ વચ્ચેની બેઠક બાદ જાહેર કરવામાં આવ્યો છે.

દુનિયાની સૌથી મોટી કંપનીઓમાંથી એક પીએન્ડજીએ પોતાના પ્લાન્ટ માટે ગુજરાતમાં સાણંદ પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. કંપનીએ ગુજરાત સરકારે જણાવ્યું છે કે તેઓ આ પ્લાન્ટમાં કંપનીની હેલ્થ અને વેલનેસ પ્રોડકટનું નિર્મણા કરશે. કંપનીએ રાજય સરકારને જણાવ્યું કે તેમની ઈચ્છા પોતાના મહત્વપૂર્ણ કામકાજને ઈન્ડોનેશિયાથી શિફટ કરીને ગુજરાતમાં શરું કરવાની છે અને આ માટે આગામી ૩ વર્ષમાં રાજયમાં તબક્કાવાર રોકાણ કરશે. આ ઉપરાંત પીએન્ડજીએ રાજય સરકારના મુખ્યમંત્રી રાહત કોષમાં પણ રુ. ૫ કરોડનું અનુદાન આપ્યું છે. જેના દ્વારા કોરોના કંટ્રોલ અને વાવાઝોડા રાહત કાર્ય માટે ખર્ચ કરવામાં આવશે.

રાજયના મુખ્યમંત્રીની ઓફિસના એડિશનલ ચીફ સેક્રેટરી અને ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સ વિભાગના ઈન્ચાર્જ એડિશનલ ચીફ સેક્રેટરી મનોજ દાસે જણાવ્યું કે, ‘પીએન્ડજીરાજયમાં પહેલાથી જ કાર્યરત છે અને તેમણે રાજય સરકારનો સંપર્ક કરીને જણાવ્યું કે તેઓ પોતાના હેલ્થ અને વેલનેસ પ્રોડકટના ઉત્પાદન માટે રાજયમાં રુ. ૫૦૦ કરોડનું રોકાણ કરીને પ્લાન્ટ સ્થાપવા માગે છે.’ તેમણે આગળ વધુમાં જણાવ્યું કે, ‘કંપનીએ સાણંદમાં પોતાના પ્લાન્ટ માટે જગ્યા નિશ્ચિત કરી લીધી છે. કંપનીએ અમને જણાવ્યું કે તે પોતાની જુદી જુદી પ્રોડકટના મેન્યુફેકચરિંગ માટે ગુજરાતના ઈન્ટરનેશનલ હબ બનાવવા માગે છે અને ઈન્ડોનેશિયાથી પોતાના તમામ મહત્વપૂર્ણ કામકાજને ગુજરાત ખસેડવા માગે છે. તેમ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનો અહેવાલ જણાવે છે. દાસે વધુમાં જણાવ્યું કે ‘મુખ્યમંત્રીએ કંપનીને તમામ પ્રકારની સહાય કરવાની ખાતરી આપી છે. જેને લઈને સદભાવના સ્વરુપે કંપનીએ રાજય સરકારના મુખ્યમંત્રી રાહત કોષમાં રુ. ૫ કરોડનું અનુદાન આપ્યું છે.’ દાસે કહ્યું કે ‘રાજયમાં પીએન્ડજી દ્વારા પોતાનો વિસ્તાર કરવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતની ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી છબીમાં ખૂબ મોટો સુધારો થશે અને વધુ મજબૂત બનશે.




પી.આઈ.યુ. હેલ્થ વિભાગના ઈજનેરોના પડતર પ્રશ્નો તથા માંગણીઓ અંગેની રજુઆત પી.આઈ.યુ. હેલ્થ વિભાગમાં કામ કરતાં ઈજનેરોના પડતર પ્રશ્નો તથા માંગણીઓ જેવીકે (૧) પગાર વધારો (૨) કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરવી (૩) કાયમી નોકરી તથા તેને સંલગ્ન લાભો આપવા (૪) પગાર ધોરણમાં દર વર્ષ વાર્ષિક ઈજાફો આપવો તથા બીજી અન્ય માંગણીઓ ઘણા વર્ષોથી કરવામાં આવેલ છે. તે માટે વિભાગ અને સરકારશ્રીમાં વિવિધ આવેદન પત્રો પણ આપવામાં આવેલ છે, તેમ છતાં આજ દિન સુધી આ બધી માંગણીઓ કે પડતર પ્રશ્નો વિષયે સરકારશ્રી દ્વારા કોઈ સકારત્મક નિર્ણય કરવામાં આવેલ નથી. આજની મોંઘવારી તથા કોરોના કાળમાં ખૂબજ ન્યુનતમ વેતન સાથે કામ કરતા આ ઈજનેરોને ના છુટકે પોતાની માંગણીઓ સંતોષવા માટે ગાંધીચિંધ્યા માર્ગે સવિનય વિરોધ પ્રદર્શન કરવાની ફરજ પડેલ છે. ઉપરોકત વિષયને ધ્યાને લઈ આજ રોજ સમગ્ર ગુજરાત ખાતે પી.આઈ.યુ. (હેલ્થ)ના તમામ ઈજનેરો દ્વારા પોતાની ફરજ પર હાજર રહીને ફરજની કામગીરી ચાલુ રાખીને દરેક ઈજનેરોએ કાળી પટ્ટી બાંધી ગાંધીચિંધ્યા માર્ગે સવિનય વિરોધ પ્રદર્શન કરેલ છે, અને આગામી દિવસોમાં પણ આજ પ્રકારે વિરોધ પ્રદર્શન ચાલુ રાખવામાં આવશે. આરોગ્ય વિભાગ માટે કોરોના કાળમાં તથા વાવાઝોડાની અસર વખતે જે કામગીરી પીઆઈયુ ના ઈજનેરો દ્વારા કરવામાં આવી છે તે અસરકારક કામગીરી ને પણ ધ્યાનમાં રાખીને જેમને સળંગ દશ વર્ષ ઉપર ની નોકરી થયેલી હોય તેમને કાયમી કરવા જોઈએ, નિયમાનુસાર જીપીએફ/ સીપીએફ કપાવુ જોઈએ



SMC અને સત્તાધીશો ને વારંવાર રજુઆત કરવા છતાં ખાડી ની સફાઈ કરવામાં ના આવતા આજ થી આમ આદમી પાર્ટી ના પ્રદેશ પ્રમુખ સહિત તમામ નગરસેવકો અને કાર્યકરો દ્વારા ખાડી ની સાફ સફાઈ ની કામગીરી જાતે જ ચાલુ કરી દેવામાં આવી છે.

# સરદાર સરોવર નર્મદા ડેમના ભૂગર્ભ જળ-વિદ્યુત મથક દ્વારા દરરોજ ૧.૪૦ કરોડ યુનિટનું થઈ રહેલું વિજ ઉત્પાદન



રાજપીપલા,તા ૩

નર્મદા જિલ્લામાં કેવડીયા કોલોની ખાતે સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી આજે ૧૨૩.૦૧ મીટર નોંધાયેલ છે. આ લેવલે જળાશયમાં ગ્રોસ સ્ટોરેજ ૫,૪૬૩ મીલીયન ક્યુબીક મીટર નોંધાયેલ છે. હાલમાં દરરોજ રિવર બેડ પાવર હાઉસમાં વિજળીનું ઉત્પાદન થઈ રહ્યું છે, જેને લીધે જળ સપાટીમાં આશરે ૨૦ થી ૨૫ સે.મી. નો ઘટાડો નોંધાઈ રહ્યો હોવાની જાણકારી સરદાર સરોવર ડેમ વિભાગના ઈજનેરશ્રી તરફથી પ્રાપ્ત થઈ છે.

સરદાર સરોવર ડેમ ખાતેના ભૂગર્ભ જળ-વિદ્યુત મથક-રિવરબેડ પાવર હાઉસમાં છેલ્લા એકાદ અઠવાડીયાથી વિજ ઉત્પાદન શરૂ કરાયું છે. આ વિજ ઉત્પાદન શરૂ કરાયું ત્યારે સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૨૫ મીટરે હતી. હાલમાં છેલ્લા એકાદ સપ્તાહથી રિવરબેડ હાઉસના ૨૦૦ મેગાવોટની ક્ષમતાવાળા ૬ યુનિટ દરરોજ સરેરાશ ૭૮ કલાક કાર્યરત કરી ઉપયોગમાં લેવાઈ રહ્યાં છે, જેના કારણે હાલમાં દરરોજ સરેરાશ રૂા.૨.૮ કરોડની કિંમતની ૧.૪૦ કરોડ યુનિટ વિજ ઉત્પાદન થઈ રહ્યું છે. આ વિજ ઉત્પાદન બાદ દરરોજ આશરે સરેરાશ ૪૨ હજાર ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે અને તેને લીધે નર્મદા નદી હાલ બે કાંઠે વહી રહી છે. તેવી જ રીતે ૫૦ મેગાવોટની ક્ષમતાવાળા કેનાલ હેડ પાવર હાઉસના હાલ ૩ જેટલા યુનિટ વિજ ઉત્પાદન માટે કાર્યરત છે અને દરરોજ સરેરાશ રૂા.૫૦ લાખની કિંમતનુ ૨૫ લાખ યુનિટ વિજ ઉત્પાદન થઈ રહ્યું છે અને દૈનિક સરેરાશ ૧૫,૫૦૦ ક્યુસેક પાણી વિજ ઉત્પાદન બાદ નર્મદાની મુખ્ય કેનાલ મારફત ગુજરાતના વિવિધ વિસ્તારો માટે છોડવામાં આવી રહ્યું છે, જે સિંચાઈ અને પીવાના પણીના ઉપયોગમાં લેવાઈ રહ્યું છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા


# જાયન્ટસ પાટણ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ કરવામાં આવ્યો




જાયન્ટસ પાટણ એ પાટણ ની સેવાકીય પ્રવુતિ કરતી અગ્રણી સામાજિક સંસ્થા છે છેલ્લા ચાર મહિના માં કોરોના ની વિકટ પરિસ્થિતિમાં સતત સેવા કરતી સંસ્થા છે .

જાયન્ટ્સ પાટણ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં ગંગાસ્વરૂપ વિધવા બહેનોને રાશન કીટ વિતરણ કરાઈ.. અબોલ જીવો માટે સિમેન્ટની પાણીની કુંડીઓ ચાટ નું પણ વિવિધ વિસ્તારોમાં વિતરણ કરાયું.. પાટણ શહેરમાં અનેક સેવાકીય પ્રવૃતિ કરતી જાયન્ટસ પિપલ્સ ફાઉન્ડેશન જાયન્ટસ પાટણ દ્વારા કોરોનાની મહામારી ના કપરા સમયમાં ગંગાસ્વરૂપ વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ બનવાની ભાવના સાથે રાશન કીટ વિતરણ કરવામાં આવી રહી છે. શ્રી સરદાર સરોવર નર્મદા નિગમ કાર્યપાલક ઈજનેર શ્રી ની કચેરી ચાણસ્મા વિભાગીય અને પેટા વિભાગીય કચેરી ના કર્મચારીઓના આર્થિક સહયોગથી જાયન્ટ્સ પાટણ પરિવાર દ્વારા ૫૦ જેટલી ગંગાસ્વરૂપ વિધવા બહેનોને જીવન જરૂરિયાતની ૨૫ જેટલી ચીજવસ્તુઓ સાથેની રાશન કીટ વિતરણ કરવાનો કાર્યક્રમ આયોજીત કરાયો.આ સાથે જાયન્ટસ પરિવાર પાટણ દ્વારા અબોલ જીવો માટે સિમેન્ટની ૫૦ જેટલી પાણીની કુંડીઓ તેમજ કૂતરાઓ માટે ચાટ પણ શહેરના વિવિધ વિસ્તારોમાં લોકોની માંગ મુજબ વિતરણ કરવામાં આવી . જે પણ વ્યકિત ને જરૂર હોય તો પટેલ ઉજ્જવલ ૭૩૮૩૭૮૦૪૫૩, ૯૬૨૪૬૫૭૬૪૪ પર સંપર્ક કરી મેળવી શકે છે તમામ ઉમદા દાનવીરો નું જાયન્ટ્સ પરિવાર હૃદય થી આભાર માનેલ .

જાયન્ટસ પરિવાર પાટણ દ્વારા આયોજિત આ સેવાકીય પ્રવૃત્તિમાં સંસ્થાના પ્રમુખ નટુભાઈ દરજી, વાઈસ ચેરમેન ઈશ્વરભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ ઉજ્જવલભાઈ પટેલ, ખજાનચી નિમેષભાઈ ગાંધી, સેક્રેટરી પ્રહલાદભાઈ પટેલ, નરેન્દ્રભાઈ રાજપુરોહિત સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



**શ્રી પ્રહલાદ ભાઈ પટેલ સરપંચ મૂળ આજોલ ગામ તા. માણસા મારી સાથે તન મન અને ધનથી સહકાર આપવાની ભાવના સાથે ઉપ પ્રમુખ શ્રી ગુજરાત પ્રદેશ કુર્મી પાટીદાર મહાસભા નો હોદો સ્વીકારવા સહમતી આપી છે**

**આભાર**

**એમ એ પટેલ**

**અધ્યક્ષ,ગુજરાત પ્રદેશ કુર્મી પાટીદાર મહાસભા**

# બનાસકાંઠામાં હવામાન બદલાયો, ખેતરમાં વીજળી પડતાં અનેક પશુઓના થયા મોત

બનાસકાંઠા,તા.૩

બનાસકાંઠા જિલ્લામાં મોડી રાત્રે ભારે પવન સાથે અચાનક વાવાઝોડું આવ્યું હતું. જોકે, પહેલા જ વરસાદમાં બનાસકાંઠામાં વીજળી પડવાનો બનાવ બન્યો છે. ખેતરમાં વીજળી પડતા એક ખેડૂતના પશુઓનું મોત થયું છે. જેથી ખેડૂતની રોજગારી છીનવાઈ છે.

બનાસકાંઠાના દિયોદર પંથકમાં મોડી રાત્રે ભારે પવન સાથે વરસાદી ઝાપટું પડ્યુ હતું. મોડી રાત્રે ભારે પવન ફૂંકાતા અનેક વિસ્તારોમાં કાચા મકાનો અને છાપરાઓના પતરા ઉડ્યા હતા. ભાદર ગામે પશુઓને બાંધવાનું ઢાળીયું પડતાં એક ગાયનું મોત થયું છે. તો ભારે પવનના કારણે બાજરી સહિત અનેક પાકો ઢળી ગયા છે. મોડી રાત્રે અચાનક હવામાનમાં પલટો આવતા ભારે પવનથી અનેક મકાનોના પતરા ઉડ્યા છે. દિયોદરના મોજરું ગામે ભારે પવનથી રહેણાંક મકાનોને નુકસાન થયું છે. દિયોદર સહિત અનેક પંથકમાં ખેતીના પાકોને નુકશાન પહોંચ્યું છે. બનાસકાંઠા ભાભર તાલુકાના ખારા ગામે મોડી રાત્રે ભારે પવન અને વરસાદ સાથે વિજળી પડી હતી. ભાભર તાલુકાના ખારા ગામે એક ખેડૂતના ખેતરમાં વીજળી ત્રાટકી હતી. જેથી એક ખેતર બાંધેલ ૨ ભેંસોના મોત થયા છે. તો એક ભેંસ ઘાયલ થઈ છે. ભાગીયા તરીકે ખેતીકામ કરતા ખેત મજૂરની ૨ ભેંસોના મોત થતાં ખેડૂતના માથા પર આભ તૂટી પડ્યું હતું.

# સોલા સિવિલ હોસ્પિટલ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ૫૦ પોર્ટેબલ બાયપેપ મશીન અપાયા



કોરોનાના કપરા સમયમાં દરેક વ્યક્તિને ઝડપથી અને સારી સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકારે પરિણામલક્ષી કામગીરી કરી છે.કોરોનાની મહામારી સામે રાજ્યની હોસ્પિટલોએ દર્દીઓ માટે સુદઢ સારવાર પૂરી પાડી છે.

કોરોનાની સંભવીત ત્રીજી લહેરનો સામનો કરવા કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે તેમની ગ્રાન્ટમાંથી અમદાવાદ સોલા હોસ્પિટલ અને ગાંધીનગરની સિવિલ હોસ્પિટલને કુલ ૫૦ પોર્ટેબલ બાયપેપ મશીન ઉપલબ્ધ કરાવ્યા છે.આ પૈકી ૨૫ બાયપેપ મશીન અમદાવાદ સોલા હોસ્પિટલને અને ૨૫ મશીન ગાંધીનગર સિવિલ હોસ્પિટલને અપાયા છે. કોરોનાની વૈશ્વિક મહામારીથી આજે સમગ્ર વિશ્વ પરેશાન છે.

આ વૈશ્વિક મહામારીમાં શક્ય તેટલા લોકોની જિંદગી બચાવી શકાય તે માટે સમગ્ર દેશમાં અને રાજ્યમાં રાજ્ય સરકારશ્રી દ્વારા યુધ્ધના ધોરણે અનેક વિરાટ પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે.

સોલા સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટશ્રી પીનાબેન સોનીએ જણાવ્યું છે કે, અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે અમદાવાદ શહેર અને ગ્રામ્યના દર્દીઓને દાખલ કરીને સારવાર આપવામાં આવે છે. કોરોનાના દર્દીઓની સારવાર અને સગવડતામા પણ અનેકગણો વધારો કરવામાં આવ્યો છે. આ સુવિધા ઉપલબ્ધ કરાવવા બદલ કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીનો અમે આભાર માનીએ છીએ.

સોલા સિવિલ હોસ્પિટલની આરોગ્ય સુવિધામા વધારો થાય તે હેતુથી આ ૨૫ પોર્ટેબલ બાયપેપ મશીન હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટશ્રી ડૉ.પીનાબેન સોનીને આજ રોજ અર્પણ કરવામાં આવ્યા.

કોરોનાના ગંભીર લક્ષણો સાથે સારવાર માટે આવતા દર્દીઓ માટે આ બાયપેપ મશીન મીની વેન્ટિલેટર જેવું જ કાર્ય પુરૂ પાડશે.જેના થકી દર્દીને ખુબ જ ઝડપથી સારવાર અને સુવિધા મળી રહેશે.

### કેવડીયામાં ટેન્ટસીટી નં-૨ માં મે. પ્રવેગ કોમ્યુનીકેશન્સ લિ. દ્વારા સરકારી ખરાબાની જમીનમાં અનધિકૃત કબજો કરી

# વાણિજ્ય હેતુસર કરાયેલ બાંધકામને તાત્કાલિક અસરથી દૂર કરવા ગરૂડેશ્વર મામલતદાર તરફથી ફટકારેલી નોટીસ

રાજપીપલા,તા ૩

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકા મામલતદાર તરફથી કેવડીયામાં અમદાવાદની મે. પ્રવેગ કોમ્યુનીકેશન્સ લિ. દ્વારા ટેન્ટસીટી-૨ માં સરકારી ખરાબાની જમીનમાં દબાણ કરીને વાણિજ્ય હેતુસરના કરાયેલા બાંધકામને તાત્કાલિક અસરથી દૂર કરવા તા. ૨ જી જૂન, ૨૦૨૧ ના રોજ જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૧, કલમ-૭૯-એ (એ) તથા કલમ-૨૦૨ ની જોગવાઇ મુજબની નોટીસની બજવણી કરીને તાત્કાલિક અસરથી તેમના ખર્ચે અને જોખમે ઉક્ત અનધિકૃત કબજો દૂર કરવાની (છોડવાની) સૂચના અપાઇ છે. આ નોટીસમાં જણાવ્યા મુજબ અધિક કલેક્ટર SOU ADTG ઓથોરીટી, એડમીનીસ્ટ્રેટર, SOU ADTG ઓથોરીટી, મામલતદાર, SOU ADTG ઓથોરીટી, મામલતદાર-ગરૂડેશ્વર, પરિક્ષેત્ર વન અધિકારી-કેવડીયા તથા ડી.આઈ.એલ.આર. SOU ADTG દ્વારા તા.૨૯-૦૫-૨૦૨૧નાં રોજની સંયુક્ત તપાસણી દરમ્યાન મે. પ્રવેગ કોમ્યુનીકેશન્સ લિ. દ્વારા ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ-ગાંધીનગર દ્વારા તેમની સાથે કરવામાં આવેલ કરારની વિગતો રજૂ કરવા જણાવેલ હોવા છતાં રજુ કરેલ ન હતી. સંયુક્ત ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી જમીનની માપણી કરાવેલ વિગતો આધારે પ્રથમ દર્શનીય રીતે ટેન્ટસીટી-૨, મોજે. લીમડી ગામનાં સર્વે નંબર ૬૦, હે. ૪૮-૮૭-૮૬ આરે ચોમી પૈકી હે. ૧-૮૯-૨૩ આરે ચોમી (સરકારી ખરાબાની) અને સર્વે નં. ૬૪, ક્ષેત્રફળ હે. ૧૩-૫૩-૭૩ આરે ચોમી છે તે પૈકી હે.૦૫-૭૬-૨૮ આરે ચોમીનાં ક્ષેત્રફળ જેટલી જમીનનો ઉપયોગ કરી ટેન્ટસીટી-૨ નું નિર્માણ કરવામાં આવેલ છે. આમ, ૧-૮૯-૨૩ ચોમી (સરકારી ખરાબાની) તથા ૫-૭૬-૨૮ ચોમી મળી કુલ હે. ૭-૬૫-૫૧ ચોમી જમીનનો ઉપયોગ તેમના દ્વારા કરવામાં આવેલ હોવાનું જણાયેલ છે.

આમ, TCGL દ્વારા મે. પ્રવેગ કોમ્યુનીકેશન્સ લિ. ને ૫.૨ હેક્ટરની ફાળવણી કરેલ હોવાં છતાં કોઈ પણ જાતની મંજૂરી વગર તેમના દ્વારા હે.૭-૬૫-૫૧ ચોમી જમીનનો ઉપયોગ કરવામાં આવેલ છે. ટેન્ટસીટી-૨ નાં બાંધકામ બાબતે મંજૂર થયેલ બાંધકામનાં નકશા બાબતે તપાસણી ટીમ દ્વારા માગણી કરેલ હોવાં છતાં તેમના તરફથી કોઈ પણ આધાર પૂરાવા રજૂ કરવામાં આવેલ નથી, જેથી મંજૂર થયેલ નકશા મુજબ બાંધકામ થયેલ છે કે કેમ તે બાબત પણ સ્પષ્ટ થતી નથી. વધુમાં જણાવ્યા મુજબ, સરદાર સરોવર નર્મદા નિગમની સંપાદિત જમીન પૈકી TCGL દ્વારા મે. પ્રવેગ કોમ્યુનીકેશન્સ લી. સાથે કરાર કરીને ફાળવવામાં આવેલ ૫.૨ હેક્ટર જમીન પર જ ટેન્ટસીટીનું નિર્માણ કરવાનું હતું, જ્યારે તેમના દ્વારા મોજે. લીમડી તા.ગરૂડેશ્વરનાં સર્વે નં.૬૦ ની ક્ષેત્રફળ હે. ૪૮-૮૭-૮૬ આરેચોમી પૈકી હે.૧-૮૯-૨૩ ચોમી સરકારી ખરાબાની જમીનમાં પણ દબાણ કરી વાણિજ્ય હેતુસરનો ઉપયોગ કરેલ જણાય છે. જેથી સરકારી ખરાબાની જમીન પર અનધિકૃત કબ્જો કરી કરેલ વાણિજ્ય હેતુસરનાં બાંધકામને જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૬૧, કલમ ૭૯-એ(એ) તથા કલમ – ૨૦૨ ની જોગવાઈ મુજબ તાત્કાલિક અસરથી તેમના ખર્ચે અને જોખમે તેમના દ્વારા દુર કરવા તથા અનધિકૃત કબજો છોડવા પણ ગરૂડેશ્વર મામલતદારશ્રી તરફથી ઉક્ત નોટીસમાં જણાવાયું છે. સદરહું મે. પ્રવેગ કોમ્યુનીકેશન્સ લી. દ્વારા સરદાર સરોવર નર્મદા નિગમની સંપાદિત જમીન પર TCGL દ્વારા થયેલ કરારની શરતોમાં ઉલ્લેખ હોવાં છતાં કોઈ પણ નકશા મંજૂર કરાવ્યા વગર બિનખેતી કૃત્ય કરેલ છે જે અન્વયે પણ દંડનીય કાર્યવાહી કરવાની થાય છે. વધુમાં, ઉક્ત મે. પ્રવેગ કોમ્યુનીકેશન્સ લી. દ્વારા બદઈરાદાપૂર્વક નફાકીય હેતુસર સરકારી ખરાબાની જમીન પચાવી પાડવાના ઉદ્દેશ્યથી કોઈ પણ મંજૂરી વગર સરકારી ખરાબાની જમીન ઉપર અનધિકૃત કબજો કરી, બિનખેતી ઉપયોગનું કૃત્ય કરેલ છે, તે સબબ મે. પ્રવેગ કોમ્યુનીકેશન્સ લી. સામે દંડનીય કાર્યવાહી તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ હેઠળ ફોજદારી કાર્યવાહી કેમ ન કરવી, તે માટે જરૂરી આધાર પૂરાવા સહિત સ્પષ્ટતા કરવા તા.૦૭-૦૬-૨૦૨૧ ના રોજ ૧૧-૦૦ કલાકે ગરૂડેશ્વર મામલતદાર સમક્ષ હાજર થવાનું ફરમાન કરાયું હોવાની પણ જાણકારી પ્રાપ્ત થઈ છે.

જ્યોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.